ISSN : 2321-4880

સળંગ અંક-૨૪, વર્ષ-૮, ઓક્ટોબર ૨૦૨૦

ગુજરાતની ઐતિહાસિક અને સાંસ્કૃતિક
ધરોહરને ઉજાગર કરતું સામયિક

अतुल्य वारसो®

Know Your Identity



બ્રહ્મકુંડ, શિહોર

- રામજી સાવલિયા

બ્રહ્મકુંડનો સ્કંદપુરાણમાં સ્નાનના પવિત્ર સ્થળ તરીકે ઉલ્લેખ છે. જેમાં સ્નાન કરવાથી શિવજીના દરબારમાં સ્થાન મળે તેવો નિર્દેશ છે. એટલે એમ માની શકાય કે સિદ્ધરાજે ત્યાં કુંડ બંધાવ્યો એ પહેલાં પણ તે સ્થળ સ્નાન કરવાનું પવિત્ર સ્થાન હતું. જેનાથી આકર્ષાઈને શિહોરની મુલાકાત વખતે સિદ્ધરાજે તે કુંડ કે સ્નાનના સ્થળને સમરાવ્યું કે તેનું વિસ્તૃતીકરણ કર્યું. આ કુંડનું સ્થાપત્યકીય સ્વરૂપ પણ સોલંકી કાલીન છે.

આ કુંડને ચારે તરફથી ઉંચા પાકા કોટ દ્વારા રક્ષિત કરવામાં આવ્યો છે. અને સમતલ ભૂમિથી કુંડ સુધી પહોંચવા માટે પગથિયાંની રચના કરવામાં આવી છે. કુંડની ચોતરફ પહોળો પડથાર બાંધવામાં આવ્યો છે. જેના પર પથ્થરની ધાબાવાળી છતરડીઓ બાંધેલી છે, જેને કમાન દ્વારા સુશોભિત કરવામાં આવેલી છે. આ કુંડ સમચોરસ છે તેની લંબાઈ-પહોળાઈ ૮૪૮૮૪ ફૂટ છે. તેમાં કુલ છ પડથાર આવેલા છે. દરેક પડથાર ની પહોળાઈ અને ઊંચાઈ સાડા છ ફૂટ છે આવા છ પડથાર છે.

પ્રથમ પડથારમાં ઉતારવા માટે બંને બાજુ ચાર ચાર પગથિયાંની રચના કરી છે. આવા કુલ પાંચ કોષ્ટની રચના કરવામાં આવી છે. કુંડમાં ચારેતરફ દીવાલની મધ્યમાં અને કોષ્ટમાં ગવાક્ષનું આયોજન કરવામાં આવ્યું છે. દીવાલમાં છ અને કોષ્ટમાં પાંચ મળી કુલ ૧૧ ગવાક્ષોમાં હિંદુ દેવી-દેવતાઓની મૂર્તિઓ મૂકેલી છે.


બીજા પડથારમાં ઉતરવા માટે ખૂણાઓ ઉપર તેમજ વચગાળે સરખા અંતરે ડાબા-જમણા ઉતારવાળા પગથિયાં રચેલા છે. આ પગથીયાં પૂરા થતા કુંડની ચારે તરફ જઈ શકાય તેવી અર્ધશાલા મૂકેલી છે. અહીં ચાર કોષ્ટમાં ચાર અને દીવાલમાં પાંચ મળી નવ ગવાક્ષોની રચના કરવામાં આવેલી છે. ત્યાંથી ફરીથી દ્વીપથી પગથિયા ઉતરીને ત્રીજી પડથાર માં જવાય છે. જેમાં ત્રણ કોષ્ટમાં ત્રણ અને દીવાલમાં ચાર એમ સાત ગવાક્ષ છે. ત્યાંથી ચોથા પડથાર માં બે કોષ્ટ અને દીવાલમાં બે મળી ત્રણ ગવાક્ષ કરેલ છે. આમ ઉપરથી નીચે જતા કોષ્ટની સંખ્યા ઘટતી જાય છે.

આ પ્રકારની રચના દરેક બાજુએ જોવા મળે છે. સમગ્ર કુંડના કોષ્ટ અને દીવાલના ગવાક્ષ જોતાં કુંડમાં એક બાજુ કોષ્ટમાં ૧૫ ગવાક્ષ અને દીવાલમાં ૨૦ ગવાક્ષ મળી કુલ ૩૫ ગવાક્ષમાં મૂર્તિઓ આવેલી છે. ચારે તરફ કોષ્ટ અને દિવાલના ગવાક્ષોની ગણતરી કરતાં કુલ ૧૪૦ મૂર્તિઓ આવેલી છે. દરેક ગવાક્ષમાં અલગ અલગ ધર્મ સંપ્રદાયના દેવ-દેવીને સ્થાન આપવામાં આવ્યું છે. વિષ્ણુના ચોવીસ સ્વરૂપ સહિત દશાવતાર અને સંયુક્ત પ્રતિમાઓ આવેલી છે. જ્યારે શિવના કેટલાક સ્વરૂપ ની મૂર્તિઓ છે. આ મૂર્તિઓમાં દેવીઓની મૂર્તિઓની પ્રધાનતા જોવા મળે છે. પુરાણોમાં વર્ણવેલ દેવી સ્વરૂપોને પત્થરમાં કંડારવામાં શિલ્પીને સફળતા મળી છે. ઉપરાંત ગણપતિ, બ્રહ્મા વગેરે દેવોનાં શિલ્પો પણ પ્રતિષ્ઠા પામ્યા છે. કુંડ પર બાંધવામાં આવેલી છતરડીઓના ગવાક્ષની રચના કરી યોગિનીઓના શિલ્પો મૂકવામાં આવ્યા છે.

આ કુંડના નીચેના પડથારના ગવાક્ષમાં બકાસુરવધની સુંદર અને વિરલ પ્રતિમા આવેલી છે. આ પ્રતિમા ઘણું ખરું પાણીમાં રહેતી હોવાથી ખવાઈ ગઈ છે. આ શિલ્પમાં કૃષ્ણએ મસ્તકે મુકુટ, કાનમાં કુંડલ અને અંગ પર અધોવસ્ત્ર ધારણ કરેલ છે. બતકની લાંબી ડોક અને ચાંચમાં સાત ગાયોના મસ્તક નજરે પડે છે. કૃષ્ણ બંને હાથ વડે બળપૂર્વક ચાંચ ફાડતા જણાય છે.

ઉપરોક્ત પડથારને અંતે ૨૨ ફૂટનો ચોરસ ભાગ આવે છે. અને તેની મધ્યમાં ૧૩ ફૂટનો ચોરસ કૂવો છે. કૂવાના પથ્થર સફેદ છે. તેના ઉપર સિદ્ધરાજ જયસિંહનું નામ કોતરેલું છે. આ કુંડમાં પિતૃતર્પણ, મુંડન વગેરે માટે લોકો આવે છે. અહીં ભાદરવી અમાસના દિવસે મેળો ભરાય છે.

શિહોરના નૈઋત્યકોણમાં ગૌતમી નદીના મધ્યભાગમાં ગૌતમકુંડ નામનો એક વહેતો કુંડ છે. આ કુંડ પથ્થરોનો બનેલો હશે. અગ્નિ ખૂણાથી વાયવ્ય ખૂણામાં આ કુંડની લંબાઈ છે. અને નૈઋત્યથી ઈશાનમાં તેની પહોળાઈ છે. દક્ષિણ તરફથી કુંડમાં પાણી આવે છે, અને પશ્ચિમ તરફથી નદીમાં ચાલ્યું જાય છે.



અનુક્રમણિકા

૧. બ્રહ્મકુંડ, શિહોર.......... ૨

૨. ઉવારસાદની વાવ.......... ૫

૩. આહલાદક ગોવા.......... ૬-૭

૪. ભુતાન.......... ૮-૧૧

૫. કપિલેશ્વર મહાદેવ, વાવ.......... ૧૩

૬.ગુજરાતમાં સ્વામિનારાયણ મંદિર.......... ૧૪-૧૫

૭. અમદાવાદના ક્લૉક ટાવર.......... ૧૬-૨૦

૮. આદ્યશક્તિની આરાધનાનું પર્વઃ નવરાત્રી.......... ૨૧-૨૪

૯. ડાંગ દરબાર.......... ૨૫-૨૬

૧૦. હેરિટેજ ક્રાફ્ટ.......... ૨૭-૨૮

૧૧. લક્ષ્મીપુત્ર બકરા.......... ૨૯-૩૨

૧૨. ભારતીય ઔષધિ અને મરી મસાલા.......... ૩૩-૩૪

૧૩. વિજ્ઞાનમાં ભારત.......... ૩૫

૧૪. પ્રશ્નોત્તરી.......... ૩૬

૧૫. ફોટો સ્ટોરી.......... ૩૭-૩૮

૧૭. હેરિટેજ ન્યુઝ.......... ૩૯-૪૧

















અતુલ્ય વારસો ®
Know Your Identity

ISSN : 2321- 4880

નોંધણી નંબર :
સોસાયટી નોંધણી નં. : ગુજ/૧૪૩૩૬ /અ'વાદ.
જાહેર ટ્રસ્ટ નોંધણી નં. : એફ /૧૪૧૪૯/અ'વાદ.

પ્રકાશક :
હિસ્ટોરીકલ એન્ડ કલ્ચરલ રિસર્ચ સેન્ટર(HCRC), અમદાવાદ

તંત્રી : કપિલ ઠાકર

સહતંત્રી : કિન્નરી શાહ

સલાહકાર સમિતિ :
શ્રી પ્રવીણ ક. લહેરી, શ્રી વાય. એસ. રાવત
શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ, ડૉ. વિશાલ જોષી
શ્રી કીર્તિ ઠાકર,પ્રા. રફીકા સૈયદ સુલતાના,
ડૉ. પી. એસ. ઠક્કર

કો-ઓર્ડિનેટર : રોનક રાણા

ફોટોગ્રાફર : નરેન્દ્ર ઓતિયા

મુખપૃષ્ઠ ફોટો :
દામોદર કુંડ, જુનાગઢનું ચિત્ર
ચિત્રકાર અનુરાગ મહેતા, ઉદયપુર
બારમોં નેશનલ કેમ્પ, રૂપાયતન, જૂનાગઢ

Keep in touch with us for Subscribe your "Digital Edition" by :

9825129703, 9328312363
atulyavarso
@AtulyaVarso001
atulyavarso.magazine
atulyavarso@gmail.com
www.atulyavarso.com

તંત્રીલેખ



નમસ્કાર મિત્રો,

ઈતિહાસમાં નેપોલિયન બોનાપાર્ટ ખુબ પ્રખ્યાત નામ છે. નેપોલિયનની મહત્વાકાંક્ષા જગપ્રસિદ્ધ છે અને તેનાં ફળસ્વરૂપે તેણે યુરોપનાં ઘણાં મોટા પ્રદેશ પર લાંબો સમય રાજ કર્યું. તેણે એક ખુબ જ સરસ વાત કહી છે કે "મને જો કોઈ પણ પ્રદેશની ભૂગોળ આપવામાં આવે તો હું તે પ્રદેશનો ઈતિહાસ કહી શકુ". જો કે આ તો નેપોલિયનનો એક મત છે પણ વાત સમજવા જેવી છે કે કોઈ પણ પ્રદેશનાં ભૂગોળની તેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક બાબતોમાં મોટી અસર પડે છે. આજનાં સંદર્ભમાં મને આ વાત એટલે યાદ આવી કે વર્તમાન સમયમાં ભૂગોળ અને ઈતિહાસ જેવા વિષયોથી વિદ્યાર્થીઓ દુર થઈ રહ્યા છે. ગુજરાતની ભૂગોળનો જો અભ્યાસ કરવામાં આવે તો આપણને ખ્યાલ આવે કે ગુજરાતીઓ વેપારીવૃતિનાં કેમ છે અને અહીં ભુતકાળ કેવો રહ્યો હશે. મારો કહેવાનો ભાવાર્થ છે કે આપણે આપણી ભૂગોળનો ફાયદો કેમ નથી ઉઠાવી શકતા ? કુદરત દ્વારા મળેલી રચનામાં રોજગારીની ઘણી તકો છુપાયેલી છે, જેનું સૌથી મોટું ઉદાહરણ કચ્છ છે. આવા તો આપણી પાસે ઘણાં સ્થળો છે. તમે ફક્ત વિચારો કે તમારું ગામ/શહેર કયું ? તેની આસપાસ કયા સ્થળો આવેલા છે કે કઈ કલા છુપાયેલી છે તેનો અભ્યાસ કરી તેને જ રોજગારીમાં પરીવર્તિત કરી શકાય, તો નોકરીની ગુલામી શું કામ કરવી ?.

આ સમય રોજગારી માંગવાનો નથી પણ રોજગારી ઊભી કરવાનો છે અને આપણી ભૂગોળનો ફાયદો ઉઠાવી દરેક વ્યક્તિ/વિદ્યાર્થી/યુવાને વેપાર અને સાહસનો સમન્વય કરીને આગળ વધવું પડશે. ઉપર કહ્યું એમ જો થોડુક ધ્યાનથી જોશો તો ઘણી તકો તમારી આસપાસ જ છુપાયેલી છે માત્ર જરૂર છે તેને શોધી તેનો ફાયદો ઉઠાવવાની. આપણે સૌએ પોતાની જાતને, મિત્રોને, શહેર કે ગામને ઓળખવાની જરૂર છે. જો તમારી આસપાસ જ કોઈ પ્રોડક્ટ ઉપલબ્ધ હોય તો સૌપ્રથમ શરૂઆત ત્યાંથી જ કરો, હસ્તકલાની પ્રોડક્ટને ઘરે બેઠા આંતરરાષ્ટ્રીય બજારમાં વેચાણ કરી શકો, તમારા ગામ કે શહેરનાં પ્રવાસન કેન્દ્રોને હાઈલાઈટ કરી ત્યાં પ્રવાસીઓને આકર્ષિત કરો અને આવનાર પ્રવાસીઓ જ તમને અનેક રીતે આર્થિક ઉપાર્જન કરાવશે. તમારા મિત્રમાં રહેલી કે તમારા ખુદમાં રહેલી ખાસિયતને પ્રોડક્ટમાં બદલો.

ટૂંકમાં, આ વાત અહીં રજૂ કરવાનો ઉદ્દેશ એટલો જ છે કે તમે જાતે જ તમારી પસંદગીની દિશામાં આગળ વધો. જીંદગી જીવવા માટે છે, પૂરી કરવા માટે નહી. નાની ઉંમરમાં જ કોઈ એક નોકરીમાં ગોઠવાઈ જઈ સમય પુર્ણ કરવો આ યુગમાં પોસાય તેમ નથી. નવી નવી ગંભીર બીમારીઓ વધતી જાય છે અને સાથે સાથે આયુષ્ય પણ હવે લાંબા નથી રહ્યા કે નિવૃત્તિ પછી તમે જીંદગી માણશો, તમારી પાસે જે છે તે આજ જ છે નથી આવતી કાલ કે નથી ગઈ કાલ.

જય હિંદ

– કપિલ ઠાકર

ઉવારસદની વાવ

- રોનક રાણા
ફોટોગ્રાફર - નીરવ પટેલ



જળ સ્થાપત્ય અને કલાનાં ઉત્તમ નમૂના સમાન ગુજરાતની વિવિધ વાવો એ આપણું અભિમાન છે અને તેમણે સમગ્ર વિશ્વનું ધ્યાન પોતાના તરફ આકર્ષિત કર્યું છે. ગુજરાતની ખ્યાતનામ વાવમાં અડાલજ, પાટણની રાણ કી વાવ, અમદાવાદની વિવિધ વાવો વગેરેનો સમાવેશ કરી શકાય, પણ કેટલીક વાવ એવી પણ છે કે જે આપણી આસપાસ જ હોય છે પણ આપણે તેનાથી પરિચિત નથી હોતા. અરે રોજ એ વાવની બાજુમાંથી નીકળતા હોઈએ તો પણ તેનાં મહત્વથી અજાણ હોઈએ છીએ. એવી જ એક વાવ છે ગાંધીનગર જીલ્લામાં આવેલ ઉવારસદની વાવ. અડાલજ અને અંબાપુર આ બંને સુપ્રસિદ્ધ વાવની મધ્યમાં આવેલ સુંદર મજાની ઈંટેરી વાવ. નંદા પ્રકારની આ વાવ અંદાજીત ૩૦૦ થી ૪૦૦ વર્ષ પુરાણી હોવાનું માનવા માં આવે છે. વાવનું મહત્તમ બાંધકામ ઈંટોથી થયેલું છે અને પાછળથી સમયાંતરે રેતિયા પથ્થરથી તેનુ સમારકામ કરવામાં આવ્યું હોય તેમ લાગે છે. વાવમાં જૂના ચિત્રોનાં અવશેષો પણ જોઈ શકાય છે જે વાવની પ્રાચીનતા ઉજાગર કરે છે. ઉવારસદ ગામમાં જ સ્વામિનારાયણ ભગવાનનું જુનું મંદિર આવેલું છે અને એવી વિગત મળે છે કે આદરજ નામના સ્થળે જતી વખતે ભગવાન સ્વામિનારાયણે આ વાવમાં પગલાં પાડ્યાં હતા. ટીમ અતુલ્ય વારસો દ્વારા આ વાવને બે વર્ષ માટે દત્તક લેવામાં આવી છે અને ગ્રામ પંચાયત અને ગામનાં યુવાનોની ટીમનાં સહયોગથી અહીં અનેકવિધ કાર્યક્રમો સમયાંતરે આયોજિત કરવામાં આવી રહ્યા છે.

આહલાદક ગોવા

- કિન્નરી શાહ

ગોવા નામ સાંભળતા જ આપણા મનમાં સુંદર મજાનાં બીચ, ડીસ્કો બાર, બીયર, બીચને માણતા વિદેશી પ્રવાસીઓ, ચર્ચ વગેરે પહેલી નજરે યાદ આવે અને એ સ્વાભાવિક પણ છે કેમ કે ગોવાનો આ પાર્ટ ખૂબ જ જાણીતો છે. જો કે એ સિવાય પણ પ્રવાસનની દ્રષ્ટિએ ગોવા ઘણું જ સમૃદ્ધ છે જેને જાણવું અને માણવું પણ મહત્વનું છે.




ગોવા પ્રદેશ અતિ પૌરાણિક છે અને છેક મહાભારતકાળમાં ગોવાનો ઉલ્લેખ મળે છે ત્યારે ગોવાને "ગોપરાષ્ટ્ર" તરીકે ઓળખવામાં આવતું જેનો અર્થ થાય છે ગાયોને ચરાવવાવાળો દેશ. સંસ્કૃતનાં કેટલાક પુરાણોમાં પણ ગોવાનો ઉલ્લેખ થાય છે જેમાં હરિવંશમ અને સ્કંદપુરાણનો સમાવેશ થાય છે. સુપ્રસિદ્ધ ભૂગોળવેત્તા ટોલેમીએ ગોવાને "ગોઉબા" તરીકે ઓળખાવ્યો છે. મધ્યયુગીન અરબી યાત્રિકોએ આ પ્રદેશનો ચંદ્રપુર અને ચંદૌર તરીકે ઉલ્લેખ કર્યો છે અને વર્તમાનમાં પણ આ શહેર છે અને અહીં અનેકવિધ પ્રાચીન અવશેષો જોઈ શકાય છે. બાદમાં પોર્ટુગલ શાસકોનાં સમયે ગોવા શબ્દ પ્રચલિત થયો. સ્થાનિક લોકવાયકા પ્રમાણે ગોવા અને તેની આસપાસનો વિસ્તાર કોંકણ ક્ષેત્રમાં આવે છે અને તેની સ્થાપના ભગવાન પરશુરામે કરી હતી. આઝાદીનાં ઘણા વર્ષ બાદ એટલે કે ૧૯ ડીસેમ્બર, ૧૯૬૧નાં રોજ ઓપરેશન વિજય નામે ભારતીય સેના દ્વારા અભિયાન હાથ ધરી ગોવાને પોર્ટુગીઝોથી મુક્ત કરવામાં આવ્યું. અહીં જો કે વર્તમાન સમયમાં પણ યુરોપિયન સંસ્કૃતિનો સારો એવો પ્રભાવ જોવા મળે છે અને ઘણાં સ્થાનિક લોકો પણ પોર્ટુગીઝ પાસપોર્ટ ધરાવે છે.




મોટા ભાગનાં પ્રવાસીઓ ગોવાનાં કેન્દ્ર સમા પણજી અને તેની આસપાસ ખાસ તો ઉત્તર તરફ આવેલા બીચની મુલાકાત લઈ ને યાત્રિકો પાછા ફરતા હોય છે. પરંતુ મધ્ય અને દક્ષિણ ગોવા પોતાની એક આગવી વિશેષતા ધરાવે છે. ગોવાની ગ્રામીણ સંસ્કૃતિ અને જૂના પોર્ટુગીઝ હવેલીઓ તમને ઓલ્ડ ગોવા અને મધ્ય ગોવામાં વધારે જોવા મળશે એ ઉપરાંત મધ્યભાગમાં પોર્ટુગલ શાસકો અગાઉનાં પણ કેટલાક અવશેષો જોવા મળે છે. વાસ્કો-દ-ગામા શહેર વર્તમાનમાં તો પ્રવાસન દ્રષ્ટિએ એટલું મહત્વપુર્ણ નથી પણ ગોવાનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અહીં છે વળી વાસ્કોથી થોડા અંતરે ભારતીય નૌસેનાનું સંગ્રહાલય આવેલું છે જે ખૂબ જ જાણકારી આપનારું છે અને નાના-નાના હવાઈજહાજો જોવા અને તેની સાથે ફોટા પડાવવાનાં શોખીન લોકોએ આ સંગ્રહાલયનો લાભ લેવો જોઈએ. વર્ષ ૧૯૯૮ માં બનેલું આ સંગ્રહાલય ભારતીય વાયુસેનાનાં વિકાસને પ્રસ્તુત કરે છે. આ ઉપરાંત, દક્ષિણ ગોવાનાં બીચ ઘણાં જ સુંદર અને શાંતિ આપનારા છે. ગોવાની દક્ષિણ તરફ વિદેશી પર્યટકો વધારે જોવા મળે છે.

ગોવાનાં મુખ્ય જોવાલાયક સ્થળોની વાત કરીએ તો અહીં કંડોલિમ-બાગા-પલોલેમ બીચ, મીરામાર-મજોરદા-મોબોર-કોલ્વા-અંજના-વર્કા વગેરે દરિયાઈ પટ્ટીઓ, ચર્ચ, અગુઆદા અને અગૌડાનો કિલ્લો, નેવલ એવિએશન મ્યુઝિયમ, પોર્ટુગીઝ મેન્શન, પણજી શહેરનાં રંગીન મકાનો વગેરે મુખ્ય છે.



ફરવા, માણવા અને શીખ લેવા જેવો દેશ
ભુતાન

- કપિલ ઠાક્ર



ભારતની પૂર્વે આવેલ દક્ષિણ એશિયાનો નાનકડો દેશ એટલે ભુતાન. જો તમે વિદેશ પ્રવાસનો શોખ ધરાવતા હોવ અને તમારે વિદેશ યાત્રાનાં શુભારંભ માટે પ્રાયોગિક ધોરણે કોઈ પહેલો પ્રદેશ નક્કી કરવો હોય તો ભુતાનની પસંદગી કરી શકાય. આ દેશ સંપૂર્ણપણે પહાડોથી ઘેરાયેલો છે. આ દેશનું પાટનગર થિમ્પુ શહેર છે. માત્ર ૮ લાખની માનવવસ્તી ધરાવતો આ દેશ હિમાલયથી સુંદર રીતે કુદરતે જ શણગારેલ છે.

ભારતમાં ભુતાનનું જમીનમાર્ગે પ્રવેશદ્વાર એટલે પશ્ચિમ બંગાળની બોર્ડર પર આવેલું જયગાંવ. ભુતાન દેશની સરહદે ફુન્સોલિંગ નામનું શહેર આવે. હવાઈમાર્ગે સીધા પારો પણ પહોચી શકાય કેમ કે ફુન્સોલિંગથી ૭ કલાક જેટલી મુસાફરી કરી રાજધાની થિમ્પુ પહોચવું પડે. સૌપ્રથમ ફુન્સોલિંગમાં પ્રવેશ માટેની પરવાનગીની કાર્યવાહી કરવી પડે જે ઓનલાઈન પણ થાય છે. દેશ સરળ છે, માટે કાર્યવાહી પણ સરળ છે. ફુન્સોલિંગમાં ભારતીય ચલણ અને ભુતાનીસ ચલણ એમ બંને ચાલે છે, અહીંથી ચલણ બદલી આગળ વધી શકાય.

ભારત અને ભુતાન વચ્ચે લોખંડની મોટી ફેન્સિંગ જોવા મળે છે, જેમાં એક બાજુ ભારત અને બીજી બાજુ ભુતાન. સાચુ કહું મને ભુતાનમાં પ્રવેશ્યા બાદ બોર્ડરની પેલે પાર ભારત જોતા સૌપ્રથમ એક જ વિચાર આવ્યો હતો કે હું અનામત મુક્ત દેશમાં આવી ગયો. એવું નથી કે ભુતાન સંપુર્ણ દેશ છે અહીં અનામત નથી તો એવું કંઈક બીજુ હશે, જે પણ હોય પણ મને એક વિચાર સીધો જ આવ્યો કે જ્યાં વસ્તી ઓછી ત્યાં સરકાર બધુ જ સુવ્યવસ્થિત રીતે પાર પાડી શકે બાકી આપણા દેશનાં એક અમદાવાદ શહેરનાં એક વિસ્તારમાં જેટલી વસ્તી હશે તેટલી આ આખા દેશમાં છે, અતિ વસ્તી ધરાવતા અને વૈવિધ્યપૂર્ણ ધર્મ/સંપ્રદાય ધરાવતા આપણા દેશનો સુચારુ વહીવટ કરવો તે કોઈ પણ પક્ષ માટે ખરેખર દાદ માંગી લે તેવી બાબત છે.





એવું કહેવાય છે કે અહીં ૯૯% લોકો ખુશનુમા જોવા મળે છે અને ખાસ તેના માટે અલગ સરકારી વિભાગ બનાવવામાં આવ્યો છે. શિક્ષણ ક્ષેત્રે પણ આ દેશ ખૂબ જ પ્રગતિશીલ છે. દેશના લોકોમાં પોતાના શાસક પ્રત્યે ખૂબ જ માનની લાગણી જોવા મળે છે.

અહીં રાજાશાહી છે અને મહત્તમ બૌદ્ધિસ્ટ અને હિંદુ લોકો વસવાટ કરે છે. ઈ.સ. પૂર્વે ૧૫૦૦ કાળનાં પથ્થર નિર્મિત હથિયારો આ દેશમાંથી મળી આવે છે જો કે ત્યારબાદ સળંગ ઈતિહાસ મળતો નથી પરંતુ ઈ.સ. ૧૬મી સદી બાદ આ દેશનો સળંગ ઈતિહાસ પ્રાપ્ત થાય છે. અંગ્રેજો આ દેશ પર સંપૂર્ણ કબ્જો કરવામાં ફાવ્યા નહીં તેનું એક કારણ છે દેશની ભૌગોલિક પરિસ્થિતિ. ભુતાનની ભૌગોલિકતા તેની તાકાત બની ગઈ છે અને આ જ કારણે દેશની વન્યસૃષ્ટિ, કલા-સંસ્કૃતિ અકબંધ રહ્યા છે. આજે પણ ભુતાનમાં સ્થાનિક તેમનો ટ્રેડીશનલ કપડા જ પહેરવામાં આવે છે અને સરકારી વિભાગમાં તો ખાસ ફરજિયાત હોવાનું જાણવા મળે છે. સરહદી ચીન જેવા સામ્યવાદી દેશથી પણ ભુતાન તેને કુદરતે આપેલ પહાડી કવચથી બચી રહ્યું છે. નાના નાના જીલ્લાઓમાં વહેંચાયેલા આ દેશમાં અગ્રેસર જીલ્લામાં જે તે શાસકની મુખ્ય કચેરી જેવો પેલેસ જોવા મળે છે, જેને સ્થાનિક ભાષામાં "ડી-ઝોંગ" તરીકે ઓળખવામાં આવે છે, જેને સ્થાનિક સ્થાપત્ય બાંધણીનાં આધારે પણ અતિ કલાત્મક અને સુંદર રીતે બાંધવામાં આવે છે. ભુતાનનાં થિમ્પુ, પારો, પુનાખા જેવા કોઈ પણ જીલ્લામાં પ્રવેશતા દૂરથી જ ત્યાંનો ડી-ઝોંગ જોઈ શકાતો હોય છે. વિવિધ જીલ્લાઓને એકબીજા સાથે જોડતા પહાડી માર્ગો પર મોટેભાગે સફેદ અને ક્યાંક પાંચ કલરની ધ્વજાઓ ફરકતી જોવા મળે છે. અહીં જોવા મળતી સફેદ ધ્વજાઓમાં સ્થાનિક ભાષામાં મંત્રો લખેલા હોય છે જેનો હેતુ એ છે કે આના થકી વાતાવરણમાં શુદ્ધિકરણ રહે.

ભુતાન વિશે સવિસ્તાર લખવા જઉં તો પુસ્તક લખી શકાય તેમ છે પણ ટુંકમાં અહીં દેશનું પાટનગર થિમ્પુ ખુબ જ રમણીય શહેર છે અને અહીંના લોકો રમત ગમતમાં ઘણા આગળ છે. તીરંદાજી દેશની મુખ્ય રમત છે. આંતરરાષ્ટ્રીય હવાઈમથક માત્ર પારોમાં આવેલું છે બાકી બીજા શહેરોમાં સ્થાનિક નાના નાના હવાઈમથક તો ખરા જ.

આમ તો સમગ્ર દેશ જ જોવાલાયક છે પરંતુ તેમાં પણ પારો, થિમ્પુ, પુનાખા જેવા શહેર, માર્ગમાં આવતા નાના નાના ગામડાઓ, ગામડાઓમાં આવેલા કાષ્ઠકલાનો સુંદર નમુનો ધરાવતા મકાનો અને મકાનોમાં જોવા મળતી વિશેષ ચિત્રકલા. ખાસ કરીને ભુતાનમાં લિંગ આકારનું ચિત્ર ઘણું પ્રચલિત છે વધુમાં તેને લગતી પ્રતિકૃતિ ધરાવતા ગિફ્ટ આર્ટિકલ પણ પ્રચલિત છે. જેમ આપણે ખરાબ નજરથી બચવા લીંબુ અને મરચાને ઘરની બહાર પ્રવેશદ્વારે લગાવીએ છીએ તેમ અહીં લિંગની પ્રતિકૃતિને લગાવવામાં આવે છે. વળી, એક માન્યતા એવી પણ છે કે જો કોઈ એકલું દોકલું વ્યક્તિ ઘાટ જંગલમાં મુસાફરી કરતું હોય અને તેને ભય જેવું જણાય તો તે પોતાના તમામ વસ્ત્ર ઉતારી ઝડપથી બહાર તરફ ભાગે છે. ભુતાનની મુસાફરી વખતે એક વખત તેના પરંપરાગત નૃત્યને માણવું જ જોઈએ.

થિમ્પુથી પુનાખા જતા માર્ગમાં "દોચુલા પાસ" નામે જગ્યા આવે છે, મારા મતે આ જગ્યા સૌથી વધારે આકર્ષિત કરનારી છે. અહીં ૧૦૮ મેમોરીયલ સ્તુપ આવેલા છે અને જેને ડ્રક વાન્ગેય ચોર્ટન તરીકે ઓળખવામાં આવે છે જેને રાણી અશી દોરજી વાંગમો વાંગચુંક દ્વારા વર્ષ ૨૦૦૩-૦૪ દરમ્યાન તત્કાલીન સમયે થયેલ યુદ્ધમાં માર્યા ગયેલા યોદ્ધાઓની યાદમાં બાંધવામાં આવ્યા હતા. આ પોઈન્ટ એવો છે કે જ્યાથી જો વાતાવરણ ચોખ્ખું હોય તો હિમાલયનો ખૂબ જ સુંદર નજારો જોવા મળે છે. આવુ જ એક બીજું સ્થળ છે "ટાઈગર નેસ્ટ". પારો શહેરથી અંદાજિત ૧૫ કી.મીનાં અંતરે આ યુનેસ્કો દ્વારા ઘોષિત થયેલ વૈશ્વિક ધરોહર આવેલી છે. આ એક બૌદ્ધ મઠ છે અને અંદાજીત ૩૦૦૦ મીટરની ઊંચાઈ પર આવેલું છે. મૂળ પૌરાણિક મઠ છે જ્યાં સમયાંતરે ફેરફાર અને સુધારા વધારા થયેલા જોવા મળે છે. ખરા અર્થમાં ભુતાન એક અતિ રમણીય અને માણવાલાયક દેશ છે ખાસ કરીને કુદરતનું જતન જે રીતે આ દેશ કરે છે તે આપણે સૌએ શીખવા જેવું છે.



Gujarat : Engineered & Customized The Sun



Shri Vijay Rupani
Hon'ble Chief Minister of Gujarat

Solar Power Projects (Ground Mount)	2,452.6 MW
Solar Roof Top Projects	675.22 MW
Solar Water Heating Systems	2,32.75 Sq. M
Improved Crematoria	4,671 Nos.
Wind Energy Projects	7,523 MW
Biomass Power Generation Projects	53.10 MW
Waste - to - Energy Projects	16.772 MW
Biogas Plants	26,150 m^3 per/day
Energy Audits Water Pump/WTEA	3,960 Nos.
Energy Efficient LED Tube Lights	55,186 Nos.
Installation of LED Street Lights	10,900 Nos.
5 Star Rated Fans	1,91,107 Nos.
Battery Operated Two Wheeler	8,178 Nos.
Bal Urja Rakshak Dal (BURD) Programme	680 Schools, 50,000 Urja Rakshaks and 1,200 School Teachers

Date as on August,2020










GEDA
ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી
GUJARAT ENERGY DEVELOPMENT AGENCY

www.geda.gujarat.gov.in

सत्यमेव जयते
Climate Change Department
Government of Gujarat

કપિલેશ્વર મહાદેવ, વાવ

- પ્રકાશ સુથાર

હિંદુ સંસ્કૃતિમાં બારે મહિનાઓમાં શ્રાવણ માસને પવિત્ર અને પાવનકારી માનવામાં આવે છે. શ્રાવણ માસ દરમિયાન ભગવાન સદાશિવની આરાધના કરીને શિવમય બનીને ધન્યતા અનુભવી શકાય. શ્રાવણ માસમાં શિવપૂજાનું ખૂબ અનેરું મહત્ત્વ છે. ભક્તજનો ભગવાન શિવનાં શ્રદ્ધાધામોનાં દર્શન કરીને ધન્યતા અનુભવતાં હોય છે. ભારતભરમાં ઠેર-ઠેર ધાર્મિક સ્થળો આવેલાં છે. ભારત ધાર્મિક સ્થળો મંદિરોનો દેશ છે, એમ કહેવામાં પણ અતિશયોક્તિ નથી. બનાસકાંઠા જિલ્લામાં પણ અનેક શ્રદ્ધાધામો આવેલાં છે. વાવ તાલુકા મથકથી પાંચેક કિ.મી.ના અંતરે કપિલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છ, જેને ખંડિત કરવા માટે વિધર્મીઓના પ્રયાસ નિષ્ફળ નીવડ્યા હતા. વાત છે પાંડવકાલીન પૌરાણિક શિવાલય કપિલેશ્વર મહાદેવની. વાવ તાલુકા મથકથી પાંચેક કિ.મી.ના અંતરે ભવ્ય પૌરાણિક અને ઐતિહાસિક કપિલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. મંદિરના ઈતિહાસના પાનાં ઉપર નજર કરીએ તો આ શિવલિંગની સ્થાપના પાંડવકાલીન સમયમાં થઈ હતી.

વર્તમાન વાવ-થરાદ પ્રદેશ (નાની મારવાડ) પ્રાચીન સમયમાં કપિલાનું વન અને હિડંબાના વન તરીકે ઓળખાતો હતો. પાંડવો વનવાસ દરમિયાન ઉત્તર ગુજરાતમાં અનેક સ્થળોએ રહી ચૂક્યા છે, જેમાં સૌથી વધુ સમય વાવ-થરાદમાં રહ્યા હોવાનું મનાય છે. કપિલમુનિએ તપોભૂમિ આશ્રમમાં પાંડવોની આજ્ઞાથી શિવલિંગની સ્થાપના કરી હતી. જેને અંદાજિત ૫૦૬૦ જેટલાં વર્ષ થયાં હોવાનું મનાય છે.

ભગવાન સદાશિવમાં અતૂટ શ્રદ્ધા ધરાવનાર અર્જુનને નિયમ હતો કે, શિવલિંગની પૂજા કર્યા વિના જમવું નહીં. કપિલા અને હિંડબાના વનમાં એકેય શિવલિંગ ન હોવાથી પાંડવોએ આજ્ઞા કરતાં કપિલમૂનિએ શિવલિંગની સ્થાપના કરી હતી. શિવલિંગની સ્થાપના અને પ્રતિષ્ઠા કપિલમૂનિએ કરી હોવાથી ભીમે તેનું નામ કપિલમૂનિના નામ પરથી કપિલેશ્વર મહાદેવ રાખવા સૂચવ્યું. તેને પાંચેય ભાઈઓએ માન્ય રાખ્યું અને નાનકડું મંદિર બંધાવ્યું હતુ.

આ મંદિરની નજીક દિશા તળાવ પાસે પાંચ કૂવાઓ આવેલા છે. જેને પાંડવોએ ખોદ્યા હતા. જોકે લોકમાન્યતા મૂજબ, ભીમે આંગળીઓથી ખોદ્યા હતા. આ કુવાઓ હાલમાં દુર્લભ અવસ્થામાં હોવાથી તેની મુલાકાત લઈ શકાતી નથી. ગુજરાત ઉપર આક્રમણ કરવા વિધર્મીઓ વાવ-થરાદના ખુશ્કીમાર્ગે આંધીની માફક લશ્કર લઈને આવી ચડતાં અહીંની ભોળી પ્રજા તેનાથી ડરીને ભયભીત બનતાં કૂવામાં સંતાઈને અસુરથી બચ્યાં હોવાનો અહેસાસ કર્યો હતો.

આ મંદિરનો પ્રથમવાર જીર્ણોદ્ધાર અને સંપૂર્ણ મંદિરનું નવીન બાંધકામ મધ્યયુગ દરમ્યાન કરવામાં આવ્યું હતું. મંદિરની જંઘા ઉપરની શિલ્પકલા સૂચવે છે કે તે ૧૧મી સદીના પ્રારંભમાં બન્યું હશે. આ મંદિરની જંઘા ઉપરની કોતરણી અદ્ભૂત હતી. દ્વિતીયવાર જીર્ણોદ્ધાર સંવત ૧૮૩૩માં ભાદરવા વદ ત્રીજના રોજ રાણા શ્રી ગજસિંહજી ચૌહાણે કરાવ્યો હતો. જેની વિગતો દર્શાવતો શિલાલેખ (મંદિરલેખ) પ્રાપ્ત થયેલ છે. જેનુ ક્રમશઃ લખાણ :



શ્રી ગણેશાય નમઃ
સંવત ૧૮૩૩ના વરસે
ભાદરવા વદ ૩ શ્રી રાણા
ગજસંગજીની વાર મં
ભારથી ભગવંત દેરું
કરાવુ છે સંવતુ.

આ ઉપરાંત, આ મંદિરનો તૃતીયવાર જીર્ણોદ્ધાર પ. પૂ. બ્રહ્મલીન શ્રી આનંદપ્રકાશ બાપુ (એટા)ની આજ્ઞાથી તેમના વરદ હસ્તે ઈ.સ. ૧૯૭૦માં કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા જિલ્લામાં ૧૬ સ્થાનકો પુરાતત્ત્વ ખાતામાં નોંધાયેલા છે, જેમાં કપિલેશ્વર મહાદેવ મંદિરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ મંદિરનું નિર્માણ અદ્ભુત કલાત્મક કોતરણી કરીને કરવામાં આવેલું છે. મંદિરના બહારના ભાગમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશની મૂર્તિઓ કંડારેલી છે. એના સિવાય અનેક શિલ્પો કંડારેલાં છે. મંદિરમાં સુંદર ચિત્રાંકન કરવામાં આવેલું છે. જે વાવ-થરાદના ચિત્રકલાના ઉત્તમ નમૂનાઓમાં પ્રથમ હરોળમાં સ્થાન ધરાવે છે. આ મંદિરમા કલાત્મક ચાંદીના પ્રવેશદ્વારનું નિર્માણ વાવ તાલુકાના ગંભીરપુરા ગામના તખતરામભાઈ સુથાર અને લક્ષ્મણભાઈ સુથારના દિશાનિર્દેશમાં કરવામાં આવ્યું છે. આ ઐતિહાસિક અને પૌરાણિક મંદિર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું કેન્દ્ર હોવાથી શ્રાવણ માસ દરમ્યાન શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં દર્શનાર્થે આવતા હોય છે.



ગુજરાતમાં સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોનું સ્થાપત્ય

- નરેશ અંતાણી
ફોટોગ્રાફર - નરેન્દ્ર ઓતિયા

૧૯ મી સદીના આરંભના બે દાયકામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીએ સંપ્રદાયના પ્રચાર તથા પ્રસાર માટે સૌરાષ્ટ્ર - કચ્છ તથા ગુજરાતના ગામો અને નગરોમાં ભ્રમણ કરીને 'રાધાકૃષ્ણ'ની ઉપાસના અને અકાંતિક ઉપદેશ આપ્યો. લાખો લોકોને આ સંપ્રદાય સાથે જોડયા. કૃષ્ણ ભક્તિ અને ઉપાસના માટે શ્રી કૃષ્ણની ચિત્ર પ્રતિમાની પૂજા પદ્ધતિ દાખલ કરી, પરિણામે આ સંપ્રદાયમાં ચિત્રકલાશૈલીનો ખાસ્સો વિકાસ થયો, જે આજે પણ આપણે જોઈ શકીએ છીએ.

સહજાનંદ સ્વામીએ પોતાની હયાતી પછી પણ સંપ્રદાયની ભક્તિ પરંપરા જળવાઈ રહે એ માટે કચ્છ - સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વિવિધ સ્થળે હિન્દુ પરંપરાને અનુરૂપ વિશાળ મંદિરો બાંધવાનો અને સંપ્રદાયમાં આચાર્ય પરંપરાને દાખલ કરવાનો નિર્ણય કર્યો. બ્રિટીશકાળ અથવા તોસાંસ્થાનિક યુગ દરમ્યિાન ગુજરાતની ભૂમિમાં ઉદ્‌ભવેલા વેલા સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રયે કેટલાય મંદિરોનું નિર્માણ સહજાનંદ સ્વામીએ કર્યું જેમાં મહત્ત્વના એવા અમદાવાદ, મૂળી, ભુજ, વડતાલ, જેતસલર, ધોલેરા, ધોળકા, જૂનાગઢ અને ગઢડા ખાતે ભવ્ય મંદિરોનો સમાવેશ થાય છે. અમદાવાદના મંદિરની સ્થાપના ઈ.સ. ૧૮૨૨ માં થઈ હતી. જ્યારે ભુજ, મૂળી અને વડતાલના મંદિરોની સ્થાપના ઈ.સ. ૧૮૨૩-૨૪માં, જેતલસર અને ધોલેરાના મંદિરની સ્થાપના ઈ.સ. ૧૯૨૬, ધોળકાના મંદિરનું નિર્માણ ઈ.સ. ૧૮૨૭ તથા જૂનાગઢ અને ગઢડાના મંદિરોની સ્થાપના ઈ.સ. ૧૯૨૮-૨૯માં કરાઈ હતી.

સંપ્રદાયના આ તમામ મંદિરોની ખાસિયત એ છે કે તમામનું સ્થાપત્ય અને શૈલી મોટેભાગે એક સરખા નિર્માયા છે. તમામ મંદિર ભારતીય શિલ્પશાસ્ત્ર અનુસાર અદ્‌ભુત શિલ્પાકૃતિઓથી સુશોભિત ત્રણ શિખરોવાળા નિર્માણ કરવામાં આવ્યા છે.





સંપ્રદાયનું પ્રથમ મંદિર અમદાવાદમાં કાળુપુરમાં બંધાયું અને એમાં વિક્રમ સંવત ૧૮૭૮, ફાગણ સુદ બીજ, સોમવાર તા.૧૪-૧૨-૧૮૨૨ના દિવસે વિધિવિધાનપૂર્વક ઉત્તરાભિમુખ મધ્ય ગર્ભગૃહમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાઈ . એની પૂર્વ તરફના ગર્ભગૃહમાં રાધા - કૃષ્ણની તથા પશ્ચિમ તરફથી શૃંગાર ચોકીની બન્ને તરફ હનુમાન, ગણેશ તથા શિવલિંગની સ્થાપના કરાઈ છે. મંદિરના વિશાળ પ્રાંગણમાં સાધુ - સંતો અને આચાર્યના નિવાસ માટે કાષ્ઠકળાથી સમૃદ્ધ એવી વિશાળ હવેલીનું પણ નિર્માણ કરાયું. સંપૂર્ણ મંદિર સંકુલ અને આવાસોને ફરતે કોટ તૈયાર કરાયો અને તેમાં પ્રવેશ માટે કલાત્મક દરવાજો પણ સહજાનંદ સ્વામીએ તૈયાર કરાવ્યો.

આ પછી સહજાનંદ સ્વામીએ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી ખાતે વિક્રમ સંવત ૧૮૭૯ માં મંદિર નિર્માણ કરી તેમાં રાધાકૃષ્ણ, હરિકૃષ્ણ મહારાજ વગેરેની પ્રતિમાઓ સ્થાપિત કરી. કચ્છ-ભુજમાં પણ હમીરસરના કાંઠે વિશાળ મંદિરનું નિર્માણ પણ તેઓએ વિક્રમ સંવત ૧૮૭૯ માં જ કર્યું. તેમાં નરનારાયણદેવ સહિત અન્ય પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરી. વડતાલમાં વિ.સં. ૧૮૮૧ માં લક્ષ્મીનારાયણ ભગવાન વગેરે દેવોની સ્થાપના કરી. જેતલસરમાં રેવતી, બલદેવજી રાધા - કૃષ્ણ વગેરે દેવોની પ્રતિમાઓ ધરાવતાં મંદિરનું નિર્માણ વિ.સં. ૧૮૮૨ માં કર્યું. અમદાવાદ જિલ્લાના ધોલેરા ખાતે આ જ વર્ષમાં મંદિર સ્થાપી તેમાં મદનમોહનજી તથા રાધિકાની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. તો અમદાવાદના જ ધોળકા ખાતે પણ શ્રી મુરલીમનોહર, રાધિકાજી તથા શ્રી હરિકૃષ્ણ મહારાજ વગેરેની પ્રતિમાઓની પ્રાણપ્રતિષ્ઠા આ પછીના વર્ષે કરાવી. સોરઠના જૂનાગઢમાં વિ.સં. ૧૮૮૪ માં વિશાળ મંદિર બંધાવી એમાં રણછોડજી, ત્રિકમજી વગેરે દેવોની સ્થાપના કરી. સહજાનંદ સ્વામીએ ભાવનગરના ગઢડામાં છેલ્લું મંદિર નિર્માણ વિ.સં. ૧૮૮૫ માં કર્યું અને તેમાં ગોપીનાથજી, રાધિકાજી અને હરિકૃષ્ણ મહારાજ વગેરેની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી. આ તમામ મંદિરો સ્થાપત્યની દૃષ્ટિએ કેટલીક સામ્યતાઓ અને વિશેષતાઓ ધરાવે છે.

આ મંદિરો ૨.૫ થી ૩ મીટર ઊંચી જગતી પર રચવામાં આવ્યા છે અને તે ત્રણ શિખરોવાળાં સાદા મંદિર છે. તેના મંડોવર શિલ્પથી અલંકૃત નથી.

સંપ્રદાયના અનુયાયીઓ અને દર્શનાર્થીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને અંતરાલ મંડપ વગેરે વિશાળ બનાવવામાં આવ્યા છે. મંદિરની શૃંગાર ચોકીઓ સાદા તોરણોથી સુશોભિત કરવામાં આવી છે, જ્યારે બહારના મંડપ અને સ્તંભોને જુદા જુદા લોકવાદ્યો અને પારંપરિક પહેરવેશયુક્ત વાદ્યધારીઓ તથા વાદ્યધારિણીઓ તેમજ રાસ રમતાં કૃષ્ણ અને ગોપીઓને કંડારવામાં આવ્યા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોની સ્થાપત્યકીય એક વિશેષતા એ નજરે ચડે છે કે, મંદિરના ત્રણ ગર્ભગૃહોની બહાર અંતરાલમાં એક ઓરડો તૈયાર કરી એમાં 'સુખશૈયા' ની રચના કરવામાં આવી છે. જેમાં કલાત્મક ઢોલિયા પર ગાદલાં વગેરે પાથરી તેના પર સહજાનંદ સ્વામીની ચિત્ર પ્રતિમા, ચાખડી તથા તેમની પ્રસાદીની સામગ્રીઓ મૂકવામાં આવે છે. આ ઉપરાંત મંદિરની વિશાળ જગતી ઉપર કે વિશાળ પ્રાંગણમાં સહજાનંદ સ્વામીનાં પગલાંથી યુક્ત કલાત્મક છત્રીની પણ રચના કરવામાં આવી છે. આમ, સુખશૈયા અને પગલાંની છત્રી એ સ્વામિનારાયણ મંદિરના સ્થાપત્યના અગત્યનાં અંગો છે. સ્વામિનારાયણ સંપ્રદાય એ સાધુઓનો સંપ્રદાયના હોવાથી તેમાં સાધુઓના નિવાસની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. સંપ્રદાયના સાધુ, બ્રહ્મચારી સાધુ તથા પાર્ષદ એમ ત્રણ પ્રકારના સાધુઓની પરંપરા જોવા મળે છે. આ ત્રણે પ્રકારના સાધુઓ તથા સાંખ્યયોગી બહેનો માટે મંદિર પરિસરમાં જ જુદી જુદી આવાસ તથા ભોજનની સુવિધા ઉભી કરવામાં આવે છે. સંપ્રદાયના આચાર્ય માટે સહપરિવાર નિવાસ માટે પણ મંદિરના પ્રાંગણમાં જ સુંદર કાષ્ટ કોતરણીવાળી બે - ત્રણ માળની હવેલીની રચના કરવામાં આવે છે, જે આ તમામ મંદિરોમાં જોવા મળે છે. મુખ્ય મંદિર, સાધુ આવાસ સહિત સમગ્ર મંદિર પરિસરને ફરતે વિશાળ કોટ એ પણ આ મંદિરોની વિશેષતા છે. મંદિરોની વ્યવસ્થા અને સુરક્ષાની દૃષ્ટિએ તે એટલું જ જરૂરી પણ છે.

કોટના મુખ્ય પ્રવેશદ્ધારને સુંદર શિલ્પ, ફૂલવેલ, લતા મંડપ, અર્ધશિલ્પો, તથા ભૌમિતીક આકારોથી શણગારવામાં આવેલા જોઈ શકાય છે. જેમાં ખાસ કરીને અમદાવાદ, ગઢડા અને મૂળી મંદિરોના દરવાજાઓ કલાની દષ્ટિએ જોવાલાયક છે. આ શિલ્પકૃતિઓ ગુજરાતની પારંપરિક કલા ઉપરાંત મુઘલ, રાજસ્થાની, મરાઠા અને બ્રિટિશકાલીન કલા તથા સ્થાનિક લોકકલાને રજૂ કરે છે. મંદિરનો ધુમ્મટ અને કોટની દીવાલો પણ સુંદર ભીંતચિત્રોથી સુશોભિત કરવામાં આવે છે. આ ભીંતચિત્રોમાં પણ ગુજરાતના રીતરિવાજો, ઉત્સવો, લોક પહેરવેશ, આભૂષણ અને લોકજીવનના વિવિધ પાસાંઓના દર્શન થાય છે. અમદાવાદ, ગઢડા અને વડતાલના મંદિરોના ભતચિત્રો જોવાલાયક છે. આમ, સ્વામિનારાયણ સંપ્રદાયે ગુજરાતની શિલ્પ, સ્થાપત્યકલા અને ચિત્રકલાને પ્રોત્સાહિત કરવાનું મહત્ત્વનું કામ વર્ષો પહેલાંથી જ કર્યું છે. એના સાક્ષી આ મંદિરો છે. અહીં સ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય મંદિરોની જ વાત કરવામાં આવી છે, આ પછી બંધાયેલા અને વર્તમાનમાં બંધાઈ રહેલાં મંદિરમાં કેટલાક પરિવર્તન આધુનિક પરંપરાઓ મુજબ થતાં જોવા મળે છે.



અમદાવાદનાં ક્લોક ટાવર

- ડો. માણેક પટેલ 'સેતુ'
ફોટો સંદર્ભ - ઈન્ટરનેટ

છેલ્લા ૨૫ વર્ષથી અમદાવાદ શહેર વિષયક લેખન અને સંશોધન કરતાં ડૉક્ટર માણેક પટેલ 'સેતુ' વ્યવસાયે અમદાવાદ શહેરના જાણીતા ડેન્ટિસ્ટ છે. તેમણે 'અમદાવાદ' તથા 'આ છે અમદાવાદ', 'વેલકમ ટુ અમદાવાદ', જેવા છ મૂલ્યવાન ગ્રંથો આલેખ્યા છે, અને શહેરની દસ્તાવેજી ફિલ્મનું નિર્માણ કર્યું છે. તેઓ હાલમાં સાતમો ગ્રંથ 'અમદાવાદ નામા' તૈયાર કરી રહ્યા છે. એ ગ્રંથ માટે 'અમદાવાદના ટાવર્સ' પ્રકરણ અતુલ્ય વારસોના વાચકો સમક્ષ મૂકું છું.

અમદાવાદના ક્લોક ટાવર્સ અગાઉના જમાનામાં ઘડિયાળ હોવી એક લક્ઝરી ગણાતું હતું. સાસરીપક્ષ તરફથી લગ્ન સમયે જમાઈરાજને ઘડિયાળ આપવાની પરંપરા શરૂ થઈ હતી, જે એક પ્રકારનો રિવાજ બની ગયો. અમદાવાદમાં મારા સર્વેમાં ૧૭ જેટલા ક્લોક ટાવર જોવામાં આવ્યા છે. આ પૈકી ૧૭૨ વર્ષ જૂનો શહેરનો પ્રથમ ક્લોક ટાવર ભદ્રના કિલ્લા ઉપર બેસાડવામાં આવ્યો હતો.

૧) શહેરનો પ્રથમ ભદ્ર ક્લોક ટાવર, વર્ષ ૧૮૪૯: બ્રિટિશ સરકારે ઈ. સ. ૧૮૪૯માં રૂ.૮,૦૦૦ ખર્ચીને લંડનથી ટાવર ઘડિયાળ મંગાવ્યું હતું અને ભદ્રના કિલ્લામાં ટાવર બનાવીને આ ઘડિયાળને તેમાં લગાવ્યું હતું. ઘડિયાળના ટકોરા છેક સ્ટેશન સુધી સંભળાતા હતા. શહેરમાં ઉદ્યોગ શરૂ થતા મિલમજૂરો માટે આ ઘડિયાળના ટકોરા એલાર્મની જેમ કામ કરતા હતા. હાલમાં ઘડિયાળ ઘણા વર્ષોથી બંધ હાલતમાં છે. ઘડિયાળનો ઘંટ બાજુમાં પડ્યો છે. તેના ઉપર વર્ષ ૧૮૪૯ અને 'સી એન્ડ મર્સ ફાઉન્ડેશન' લખાણ સ્પષ્ટ વંચાય છે. શહેરના પ્રથમ ક્લોક ટાવર તરીકે તેનો ઉલ્લેખ કરવામાં આવે છે.

૨) મસ્કતી માર્કેટ ક્લોક ટાવર, ઈ.સ. ૧૯૦૬: મિલ ઉદ્યોગના સોનેરી દિવસો દરમિયાન અબ્દુલ સૈયદ ઈસ્માઈલ મસ્કતીએ વર્ષ ૧૯૦૬માં પોતાના પૈસાથી કાપડ બજાર બંધાવ્યું. તેના મુખ્ય દરવાજા ઉપર ટાવર બનાવીને ઘડિયાળ બેસાડ્યું હતું. બે-ત્રણ વર્ષ પહેલા માર્કેટમાં ફેરફાર કરતાં ક્લોક ટાવર કાઢી નાખવામાં આવ્યું છે.


૩) દરિયાપુર અચરતલાલ ટાવર, શહેરનું પ્રથમ છાત્રાલય: અગાઉના વર્ષોમાં ગામડેથી શહેરમાં ભણવા આવતા વિદ્યાર્થીઓ સગા-સંબંધીઓને ત્યાં રહીને ભણતા. બધાને આવી અનુકૂળતા ન મળે! ઉદ્યોગપતિ શેઠ અચરતલાલ ગિરધરલાલે આવા વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય બંધાવવા રૂ.૩૬,૦૦૦નું દાન આપ્યું, જેના થકી શેઠ અચરતલાલ ગિરધરલાલ ચેરિટેબલ ટ્રસ્ટ હેઠળ દરિયાપુર ચાર રસ્તા પાસે વિશાળ જગ્યામાં તારીખ ૧-૯-૧૯૮૪માં છાત્રાલયનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું. છાત્રાલય તૈયાર થયા પછીથી તેમાં તેજસ્વી વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે શહેરના આ પ્રથમ છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓને નિઃશુલ્ક રહેવા-જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. શેઠ અચરતલાલ ગિરધરલાલ છાત્રાલય ઈમારત પર ટાવર બાંધીને એની ઉપર ખાસ વિલાયતથી લાવીને ઘડિયાળ મૂકવામાં આવ્યું હતું. આ ઈમારત લોકોમાં 'દરિયાપુર ટાવર' અને વિદ્યાર્થી આલમમાં 'એન્જિનિયર બોર્ડિંગ' તરીકે જાણીતી છે. તેમાં આવેલું ઘડિયાળ આજે પણ ચાલુ છે. આ છાત્રાલયમાં રહેલા વિદ્યાર્થીઓમાં નિરમા યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ કરસનભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડેન્ટ ખોડાભાઈ કે. પટેલ, પ્રસિદ્ધ વિવેચક અને આચાર્ય યશવંત શુક્લ, ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ચંદ્રકાન્ત મહેતા, સુનિતા વિલિયમ્સના પિતા દીપકભાઈ પંડ્યા જેવા અનેક જાણીતા વ્યક્તિઓ છે. આ સંસ્થામાં રહીને ભણી ગયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૨,૦૦૦થી વધુ હશે.

૪) કાલુપુર ટાવર, વર્ષ ૧૯૨૫: કાલુપુર વિસ્તારમાં ૧૯૨૫માં નિર્માણ થયેલા કાલુપુર ટાવરનું સાચું નામ 'મનમીયા હવા ટાવર' છે. મોગલકાળમાં અહીંયા બગીચો અને ફુવારા હતા. હાલમાં ટાવરની આજુબાજુ ખાણીપીણીના અડ્ડા છે.

૫) વી.એસ.હોસ્પિટલ ટાવર, ઈ.સ. ૧૯૩૧: કોલોનિયલ સ્ટાઈલમાં વર્ષ ૧૯૩૧માં બાંધવામાં આવેલી શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલની ઈમારતમાં ક્લોક ટાવર મૂકવામાં આવ્યો હતો. આ હોસ્પિટલની સુવાસ ગુજરાતભરમાં ફેલાયેલી છે.

૬) સૈજપુર બોઘા ટાવર, ઈ.સ. ૧૯૩૯: નરોડા રોડ ઉપર આવેલું સૈજપુર બોઘા મોગલકાળ પહેલા વસેલું ગામ છે. ગામમાં ધનુષ્યધારી માતાનું પૌરાણિક મંદિર છે. ગામમાં પ્રવેશ માટે એક ભવ્ય દરવાજો આવેલો છે, જેનું નિર્માણ અંગ્રેજ અમલદાર જી.એફ.એસ. કોલિન્સ એસ્ક્યુએ વર્ષ ૧૯૩૯માં કર્યું હતું. હાલમાં આ અમલદારના નામની તકતી ત્યાં જોવા મળે છે.

૭) કામનાથ મહાદેવ ટાવર અશાવલના સમયથી અસ્તિત્વ ધરાવતા રાયપુરમાં આવેલા કામનાથ મહાદેવમાં લાંબા પાડાની પોળના નિવાસી સોમનાથ પટેલ તે જમાનામાં બિલ્ડર હતા. તેઓ મિલોની બાંધકામ પ્રવૃત્તિમાં સંકળાયેલા હતા. તેમણે કામનાથ મહાદેવનો જીર્ણોદ્ધાર કરીને ક્લોક ટાવર બાંધી આપ્યો હતો, જે સોમનાથ ભુદરદાસ ટાવર તરીકે ઓળખાય છે. કામનાથ મહાદેવના પરિસરમાં 'ચંદનબેન સોમનાથ ટ્રસ્ટ' દવાખાનું ચાલે છે.




૮) જમાલપુર હેરિટેજ ક્લોક ટાવર, વર્ષ ૧૯૪૦ઃ જમાલપુરમાં મ્યુનિસિપલ પંપીંગ સ્ટેશનમાં ૧૯૪૦માં સ્થાપિત થયેલ ક્લોક ઘડિયાળ ઘણા વખતથી બંધ હતું. તેનું મશીન ધૂળ ખાતું હતું. ૨૦૧૩માં સંવેદનશીલ મ્યુનિસિપલ અધિકારીઓએ પાંચ મોટા પિત્તળના ઘંટ વાળા હેરિટેજ ક્લોકને નવીન સ્વરૂપ બક્ષ્યું છે. આજે હેરિટેજ ક્લોક સમય સાથે ધડકી રહ્યું છે.

૯) ગીતામંદિર ટોપ ટાવર, વર્ષ ૧૯૪૧ઃ સ્વામી વિદ્યાનંદજી મહારાજ દ્વારા સ્થાપિત ગીતામંદિરનું નિર્માણ ઈ.સ. ૧૯૪૧માં થયું હતું. મંદિરનાં રૂપરંગ ટાવર સ્થાપત્યથી દીપી ઉઠે છે.

૧૦) સ્વામિનારાયણ ટાવર કાળુપુર, વર્ષ ૧૯૪૨ઃ સહજાનંદ સ્વામીજી દ્વારા ૧૮૨૨માં નિર્માણ કરાયેલા સ્વામિનારાયણ મંદિરમાં કાળુપુર મંદિરના ગાદીવારસ આચાર્ય પદે નિમાયા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના ચોથા આચાર્ય શ્રી વાસુદેવ પ્રસાદજી મહારાજની સ્મૃતિમાં તેમના પુત્ર અને તે સમયના વિરાજમાન આચાર્ય દેવેન્દ્રપ્રસાદજી મહારાજે વર્ષ ૧૯૪૨માં મંદિરના સામેના ચોક (ચાર રસ્તા)ની બાજુમાં લંડનથી ખાસ ઘડિયાળ મંગાવીને સ્વામિનારાયણ ટાવરનું નિર્માણ કર્યું હતું. આ ચોકની શોભામાં આ ટાવર બિલ્ડીંગ વધારો કરી રહ્યું છે. હાલમાં નીચે દુકાનો અને ઉપર રહેઠાણો આવેલાં છે.

૧૧) વીજળી ઘરનો ક્લોક ટાવરઃ બ્રિટિશ સમયમાં ક્લાઉડી બેટલીના સ્થાપત્યોમાંનું એક એવું વીજળીઘર શહેરની સૌપ્રથમ ઊંચી ઈમારત હતી. તેમાં બ્રિટનનું ક્લોક બેસાડવામાં આવ્યું હતું. વિશેષમાં, શહેરની પ્રથમ લિફ્ટ આ ઈમારતમાં બેસાડવામાં આવી હતી. ૮૫ વર્ષના મૂળચંદભાઈ પરમારે જણાવ્યું હતું કે તે સમયે લિફ્ટને જોવા કે તેમાં બેસવા માટે ભીડ લાગતી હતી.

૧૨) ગુજરાત યુનિવર્સિટી ટાવર, ઈ.સ ૧૯૫૪ઃ ગુજરાત યુનિવર્સિટીના સ્થપતિ આત્મારામ ગજ્જરની ડિઝાઈન મુજબ ત્રિકોણીયા બાંધકામવાળી ઈમારત ૧૯૫૪માં તૈયાર કરવામાં આવી હતી, અને તેના ટાવરમાં લગાવવામાં આવેલું ક્લોક આજે પણ સમય સાથે ચાલી રહ્યું છે. તે સમયે ટ્રાફિક અને વાયુ પ્રદૂષણ નહોતું, ત્યારે આ ઘડિયાળના ટકોરા ૧.૨ કિલોમીટર સુધી સંભળાતા હતા. યુનિવર્સિટીમાં ચાલતા ક્લાસ પણ ટકોરા મુજબ બદલાતા હતા. ગુજરાત યુનિવર્સિટીની ઈમારતની શાન તેના ક્લોક ટાવરમાં છે.



ક્લોક ટાવરનો 'કી મેન': ત્રણ પેઢીથી અમદાવાદ શહેરમાં આવેલા ટાવરોમાં ચાવી પૂરવાનું કામ કરતો ચેતન કુલકર્ણીનો પરિવાર ભદ્ર કિલ્લા, દરિયાપુર અને ગુજરાત યુનિવર્સિટીના ટાવરમાં ચાવી પુરી ચૂક્યો છે. આ કામ તેમને પિતા યશવંતભાઈ અને દાદા દત્તાત્રેય વાસુદેવ કુલકર્ણી પાસેથી વારસામાં મળ્યું છે. નોંધપાત્ર બાબતમાં, કાશ્મીરના અતિસંવેદનશીલ વિસ્તાર લાલચોકની મધ્યમાં ટાવર ઘડિયાળ છે, તેનું ફિટિંગ પિતા-પુત્રએ કર્યું હતું. લાલચોકમાં લાગેલી ટાવર ઘડિયાળમાં અમદાવાદના કારીગરોનો ફાળો અમૂલ્ય છે. ૮૫ વર્ષના યશવંતભાઈએ જણાવ્યું હતું કે એકવાર તેઓ અને તેમનો કારીગર ટાવર ઉપર ચડીને ઘડિયાળ રિપેરિંગનું કામ કરી રહ્યા હતા ત્યારે સંજોગવશાત્ કારીગર નીચે પડી જવાથી મૃત્યુને ભેટ્યો હતો.

છેલ્લા ૨૮ વર્ષથી ક્લોક ટાવર રીપેરીંગ અને ચાવી ભરવાનું કામ કરતા ચેતન કુલકર્ણી જણાવે છે કે અમદાવાદ શહેરમાં ૧૫ જેટલા ટાવર હતા, પરંતુ સારસંભાળના અભાવે અને ઘડિયાળના સ્પેરપાર્ટ્સ ન મળવાને કારણે, હાલના સમયમાં ચાર જ ઘડિયાળ કાર્યરત છે. એકવાર ચાવી ભર્યા પછી ઘડિયાળ અઠવાડિયા સુધી ચાલે છે. ઘડિયાળનું વજન ૨૦૦થી ૩૦૦ કિલો સુધીનું હોય છે. ઘંટ પંચધાતુઓથી બનેલો હોવાને કારણે તેનો રણકાર મધુર લાગે છે.

૧૩) દીનબાઈ ટાવર, ઈ.સ. ૧૯૬૧: અમદાવાદમાં પારસી મહાનુભાવ પેશતોન્શા નસરવાનજી વકીલે એમની માતા દીનબાઈ નસરવાનજી (૧૮૪૬-૧૯૩૬)ની સ્મૃતિમાં દવાખાનું શરૂ કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને રૂપિયા એક લાખનું દાન કર્યું હતું. તે ઈમારત ૧૯૬૧માં બંધાતા તેમાં 'બાઈ દીનબાઈ નસરવાનજી વકીલ' મ્યુનિસિપલ ડિસ્પેન્સરી શરૂ કરવામાં આવી. વળી તેમણે ઈમારતના નિભાવ ખર્ચ માટે બીજા રૂ.૬૦,૦૦૦ દાનમાં આપ્યા હતા. આ ઈમારત ભદ્ર વિસ્તારમાં મિર્ઝાપુર રોડની શરૂઆતમાં આવેલી છે, જેમાં ઘણા વર્ષ સુધી દાંતનું દવાખાનું ચાલતું હતું, અને ઉપરના ભાગમાં ફેમિલી પ્લાનિંગ વિભાગ હતો.

૧૪) શ્રી સ્વામિનારાયણ ટાવર, મણીનગર, ઈ.સ. ૧૯૬૭: મણિનગરમાં સ્થિત સ્વામિનારાયણ મંદિર સંસ્થાનના સ્થપતિ મહંત શ્રી મુક્તજીવન સ્વામીબાપા (૧૯૦૭-૧૯૭૯) દ્વારા મંદિરની બરાબર સામેની જગ્યામાં ૧૯૫૭માં તેમની સુવર્ણ તુલા કરવામાં આવી હતી.









બરાબર એ જ સુવર્ણ તુલા પ્રસાદી સ્થળે 'સુવર્ણ તુલા સ્મારક ભવન' અને 'શ્રી સ્વામિનારાયણ ટાવર'નું નિર્માણ કરવામાં આવ્યું. એ જમીન મણિલાલ જગન્નાથભાઈ જોશીએ સ્વામીબાપાને તુલસીપત્તે અર્પણ કરી હતી. શ્રી મુક્તજીવન સ્વામીબાપા દ્વારા પ્લેટિનમ તુલા મહોત્સવના પ્રથમ દિવસે તારીખ ૨૮-૦૯-૧૯૬૭ના રોજ સુવર્ણ તુલા સ્મારક ભવન અને શ્રી સ્વામિનારાયણ ટાવરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. સ્મારક ભવનના નીચેના ભાગમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીબાપા અને સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીબાપાની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે. શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ ૧૯૭૩ થી દર વર્ષે લાભ પાંચમના દિવસે કાંકરિયાની ચોર્યાસીના સ્મૃતિના પગલાવાળી પ્રસાદીની ઉજવણી આ સ્થળ ઉપરથી કરવાની પ્રથા શરૂ કરી. આ ટાવરની ઈમારતમાં શ્રી મુક્તજીવન ઓડિટોરિયમનું નિર્માણ કરવામાં આવ્યું છે. વળી અત્રે શ્રી પુરુષોત્તમ પ્રિયદાસજીએ ૧૯૮૦માં શ્રી મુક્તજીવન સ્વામીજીની પ્રસાદીની વસ્તુઓનો સ્મૃતિખંડ તૈયાર કરાવ્યો છે. ટાવર ક્લોકનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું તે દિવસથી આજ દિન સુધી ઘડિયાળ સાચો સમય બતાવે છે. તેની સંભાળ મંદિરના સાધુ-સંતો રાખે છે.

૧૫) મણિનગર ટાવર: મણિનગર રેલવે-સ્ટેશન સામેના મેઈન રોડના ચાર રસ્તા ઉપર બેંક ઓફ બરોડાની ઈમારતની ઉપર ટાવર ક્લોક આવેલું છે. આ ખાનગી ઈમારત છે, જે ચાર રસ્તાની શોભામાં વધારો કરે છે. મને મળેલ માહિતી મુજબ તેના માલિક નારાયણભાઈ છે.

૧૬) જગન્નાથ મંદિર ટાવર: અમદાવાદના ધાર્મિક સ્થળોમાં જગન્નાથ મંદિર અગ્ર હરોળમાં છે. નવનિર્મિત જગન્નાથ મંદિરમાં ૨૦૦૫માં તેનું ભવ્ય પ્રવેશદ્વાર બનાવવામાં આવ્યું છે અને તેના ઉપર ઘડિયાળ બેસાડવામાં આવ્યું છે. મંદિરના પાછળના ભાગમાં આવેલી એપીએમસી 'સરદાર પટેલ માર્કેટ'ની ઈમારત પર અગાઉ ટાવર હતો.

૧૭) ભાલકેશ્વર મહાદેવ ટાવર : ખોખરા મહેમદાવાદમાં આવેલા અનાજ બજારના મુખ્ય દરવાજાની નજીકમાં ભાલકેશ્વર મહાદેવનું મંદિર બાંધવામાં આવ્યું છે. આ જમીનમાં અગાઉ અહીં ભાલકિયા મિલ હતી, તેથી મહાદેવનું નામ ભાલકેશ્વર પડ્યું છે. તેના પરિસરમાં ક્લોક ટાવર બાંધવામાં આવ્યો છે. તેની નજીકમાં દક્ષિણ ભારતવાસીઓનું શીતળા માતાનું મંદિર આવેલું છે.



આદ્યશક્તિની આરાધનાનું પર્વ : નવરાત્રી

- કીર્તિ ઠાકર
ફોટોગ્રાફ્સ - ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ

ગુજરાતમાં નવરાત્રી એ પ્રમુખ ઉત્સવોમાં ગણવામાં આવે છે. નવરાત્રીનો ઉત્સવ ગુજરાતના નાનામાં નાના ગામડાઓથી લઈ અને શહેરો સુધી ઉજવાય છે. નવરાત્રી દરમિયાન ગીત - સંગીતને પ્રાધાન્ય આપવાની સાથે સાથે ઉત્સાહ અને ઉલ્લાસનો પણ અનુભવ થાય છે. નવરાત્રીનાં ડાન્સ ફોર્મ ને સમજવા માટે એના વિવિધ પ્રકારો અને સંગીતના લય, તાલની સમજણ સાથે આધ્યાત્મિકતાનો અનુભવ અનિવાર્ય છે.

આધ્યાત્મિકતાની સમજૂતીઃ

ઉષા અરવિંદનની સમજૂતી મુજબ નવરાત્રીમાં મુખ્ય નવ સ્વરૂપોમાં દેવીઓની પૂજા - અર્ચના કરવામાં આવે છે. નવરાત્રી (નવરાત્રીની પૂજા અર્ચના) નો મહિમા ત્રણ શક્તિના સ્વરૂપે અહીં જોવા મળે છે, જેમાં સદ્‌ભાવ, સમૃદ્ધિ અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ થતો જોવા મળે છે. સદ્‌ભાવ એ સત્યનુ પ્રતીક રૂપ માનવામાં આવે છે, સમૃદ્ધિ એ સુખ - સંપત્તિનું પ્રતીક હોય છે અને જ્ઞાનની સાથે સત્ - ચિત્ત - આનંદ નો અનુભવ કરાવે છે. હિન્દુ કેલેન્ડર મુજબ નવરાત્રીની ઉજવણી અશ્વિન માસે શુક્લ પક્ષ એકમથી નોમ એમ નવ દિવસ સુધી કરવામાં આવે છે. નવરાત્રીના પ્રથમ ત્રણ દિવસે પાર્વતી સ્વરૂપે શક્તિની આરાધના કરવામાં આવે છે. જેમાં બ્રહ્માંડની શક્તિરૂપે સર્જન શક્તિની આરાધના થાય છે.





ચોથી, પાંચમી અને છઠ્ઠી તિથિમાં લક્ષ્મીજીની આરાધના કરવામાં આવે છ, જેમાં વિષ્ણુ ભગવાનની સુંદરતાના પ્રતીક રૂપે શક્તિ, સમૃદ્ધિ અને સફળતાની આરાધના કરવામાં આવે છે. છેલ્લા ત્રણ દિવસ મા સરસ્વતી બ્રહ્માજીના પત્ની તરીકે મોક્ષ મેળવવા માટેનું જ્ઞાન આપણને આપે છે. માં સરસ્વતી એ જ્ઞાન અને શાંતિનું પ્રતીક છે. તેઓ હંમેશા સફેદ વસ્ત્રો ધારણ કરેલા અને હાથમાં વીણા સાથે કમળ પર બિરાજમાન હોય છે. નોમના દિવસે નવ દુર્ગાના નવ સ્વરૂપો તરીકે વિવિધ નામે દેવી દેવતાઓની આરાધના કરવામાં આવે છે. જેમાં દુર્ગા, ભદ્રકાળી, અંબા, જગદંબા, ધરતીમાં, અન્નપૂર્ણા, સર્વમંગલા, ભૈરવી, ચંડિકા, લલિતા, ભવાની આ બધા જુદા જુદા નામો તરીકે પૂજવામાં આવે છે, અને નમામિ દેવીની આરાધના કરવામાં આવે છે.



આ ઉત્સવમાં સ્ત્રીઓ, કુમારિકાઓ અને નાની બાળાઓ ઉત્સાહભેર ભાગ લે છે. દસમો દિવસ જેને વિજયા દશમી તરીકે પણ ઊજવવામાં આવે છે, જ્યાં પાપ ઉપર ધર્મના વિજય મળ્યાની ખુશાલી ઊજવાય છે. વિજયા દશમીનો દિવસ રામ - રાવણના યુદ્ધમાં રામનો વિજય થયો અને વિજયા દશમીનો દિવસ જ મા દુર્ગાએ રાક્ષસોનો વધ કરી અધર્મ ઉપર ધર્મ નો વિજય કર્યો.

વિજયા દશમીને પવિત્ર માનવામાં આવે છે એની પાછળનું બીજું એક કારણ પણ છે, મા દુર્ગાએ મહિષાસુરનો વધ કરી ધર્મનો જય અને અધર્મનો પરાજય કર્યો હતો. તે દસ હાથવાળી મા દુર્ગા જેના દરેક હાથમાં વિવિધ હથિયારો જોવા મળે છે અને તેનું વાહન સિંહ હોય છે. તેમને મહિષાસુરમર્દિની અને ચામુંડેશ્વરી તરીકે પણ ઓળખવામાં આવે છે.





ડાંગ દરબાર


- કલ્પેશ શાહ

ગુજરાત રાજ્ય ની ભાતીગળ અને લોક સંસ્કૃતિ ની રીતે ખુબ જ વૈભવી છે. ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લામાં દર વર્ષે ડાંગ દરબાર ઉજવાય છે. આદિવાસી સંસ્કૃતિ અને આપણી વિસરાતી રહેણી કરણી ની ઝાંખી આપતો આ તહેવાર ત્રણ દિવસ સુધી ઉજવાય છે. ડાંગ દરબાર મુખ્યત્વે હોળીના તહેવાર સાથે ઉજવવામાં આવે છે. હજારો વર્ષો ની સાંસ્કૃતિક વિરાસત ધરબીને બેઠેલા ઐતિહાસિક ડાંગ જિલ્લાની આદિવાસી પ્રજા ખુબ ઝુનૂની હોવાની સાથે ખુબ માયાળુ અને અતિથિ દેવો ભવઃ ની ઉચ્ચતમ ભારતીય સંસ્કૃતિના આદર્શને વરેલી છે.

ડાંગ દરબાર મેળો ભરાવવાની પરંપરા આજકાલ ની નથી એ તો અંગ્રેજ અમલથી દરમિયાનથી ચાલતો આવે છે. એ સમયે અહીં આજુબાજુના દરબારો કે રજવાડાઓના રાજવીઓ નો દરબાર ભરાતો. અને આઝાદી પછી પણ આ પ્રથા ચાલુ રખાઈ છે. ભારત દેશની આઝાદી બાદ નાના મોટા તમામ રજવાડાઓનું વિલિનીકરણ થતાં રાજા અને કુટુંબીજનોને રાજકીય સાલિયાણા બાંધી આપવામાં આવ્યા હતા. જે ૭૦ના દાયકામાં પાછા ખેંચી લેવાયા હતા ત્યારે ડાંગની પરિસ્થિતિ જ અલગ હતી. ડાંગના ૫ ભાગોમાં સ્વતંત્ર રાજાઓનું અસ્તિત્વ હતું. અંગ્રેજોએ પણ આ પાંચેય રાજાઓ સાથે કીમતી વન સંપત્તિ માટે ૧૯૪૨માં કરાર કર્યા હતા અને લાકડાં લઈ જવાના બદલામાં ૫ રાજાઓ, ૯ નાયકો તેમજ ભાઈબંધોને ડાંગ દરબાર યોજીને વાર્ષિક વળતર ચૂકવવાનું શરૂ કર્યું હતું. જે આજે પણ ચાલુ જ છે.

ડાંગ દરબારમાં આપણને આદિવાસી પ્રજાની રહેણી કરણી , વેશભૂષા અને તેમની અનોખી સંસ્કૃતિના દર્શન થાય છે. દરબારમાં પ્રકૃતિમાંથી બનાવવામાં આવેલા વિવિધ વાદ્યો દ્વારા નાચગાન રજુ કરવામાં આવે છે. પ્રખ્યાત નૃત્ય ડાંગી ડાન્સ માં સ્ત્રીઓ અને પુરુષો જોડે નાચ કરતા હોય છે, જે નાચ આદિવાસી પ્રજાની એકતાને પ્રદર્શિત કરે છે.







Dangs Darbar is an old tradition of honoring former tribal rulers and Naiks and awarding Political Pension(they still receive it!) which has continued to date. Tribals from Dang and surrounding districts come to Ahwa in thousands to attend this four days long most important and colorful festival. Hundreds of stalls selling all sorts of goodies, from toys to TVs, line up on the streets. Cultural extravaganza takes place in the night which continues past midnight.



Heritage Craft and Ritual- Worshipping a Haatdi during Diwali

-Shalini Sabikhi





Haatdi is usually worshipped during Diwali by the Sindhi community and a few Gujarati communities. It comes from the word 'Haat' and symbolizes a 'shop'. The people worship it mainly to invoke blessings of Goddess Lakshmi for work or business. Haatdi is a colourful representation of a shop. After Diwali it is immersed in water. There are some who say it represents the male members of the family who are the bread earners. The number of haatdis bought is equal to the number of male members in the family and one is for the female child. It is now usually bought in pairs. Sweets, mitere (a dry fruit), milk in a bowl, silver coin and rock salt are kept in it and it is then worshipped. Earlier people were using laatdis made from day They were coloured and reused every year. But breaking of a haatdi is regarded as inauspicious. So some people started using steel or wooden haatdis. Where haatdis are not available, people make do with earthen pots in a plate to symbolize a haatdi.

Art of making a Clay Haatdi

The making of clay haatdi begins on the day of Ganesh Chaturthi which is regarded as auspicious. People of a particular community in Ahmedabad are involved in the making of haatdis. The people of this community even travel out of Gujarat to other states like Maharashtra to make and sell then. The whole family is involved in the process. It is made and sold till Kaali Chaudas. The demo of this art was given by Mr. Chaturbhai, Mr. Varshrambhai, Mr. Bharatbhai and their families at their place in the lane opposite APS International School, Near Shree Mahalaxmi Bungalow, Opp. Mother Dairy, Bhat, Ahmedabad. Even I enjoyed trying my hand at making a haatdi during this heritage walk organized by India Heritage Walks and led by Mr. Keyur Shah. These haatdis can also be used for decoration purpose during weddings or religious ceremonies. Let us buy these and make the craftsmen who make these beautiful symbols of prosperity, prosper.



Potters bring clay from a nearby pond and mix cowdung with it. Water is added.



Bamboo sticks are cut as per required length





A flat round base is made by patting clay with hand.



Feet are attached to it.



The ready base



Bamboo sticks are attached and topped with clay in semi-circular shape.



Tiny diyas are made.



Diyas are inserted on top with the help of stick.



It is then dipped in colour.



Colour was not available on the day of this demonstration. So they directly continued with the next step.



Coloured decorative paper (leftover after making crackers) is wrapped around it.



Small flags made of kite paper are then pasted on the top of the sticks.



The ready 'Haatdi' (without colour ofcourse)



Later, I saw these coloured ones being sold on roadside in Vadodara.

લક્ષ્મીપુત્ર બકરાં

- જોરાવરસિંહ જાદવ

મને બરાબર યાદ છે, જ્યારે મને ચડ્ડી પહેરવાની સમજણ આવી ત્યારે ફળિયાના થોડાં ટાબરિયાં (છોકરાઓ) ભેગાં થઈને ગવરીશંકર ગૌરના ઘર આગળ જઈને મોટા રાગડા તાણીને ગાતાઃ

ચરાક ચીમણી
બામણ બીમણી
બ્રાહ્મણને ઘર્યે લોટી વીંહાણી
લોટી દો'વા દે નહીં,
બ્રાહ્મણ છાનો રહે નહીં.

અમારાં જોડકણાં સાંભળીને રાતાપીળા થતાં ગોર બાપા હાથમાં બડુંગો લઈને ખડકીમાંથી બહાર આવી ગળું ફુલાવીને તાડુકતા, 'ઊભા રિયો, લોટીના બેટાઓ ! મને નો દોહવા દે તો હવે તમારી માથુંને કે' જો આવીને દોહી જાય. હવે જો ફરીથી આયા છો ને તો બે કાન વચ્ચે માથું કરી દઈશ, સમજ્યાં ને ? 'આ બ્રહ્મવાણી સાંભળતાં જ અમે ખી ખી ખી હસતા ઘર ભણી ખબકાવી મૂકતા. ગોરબાપા કેમ ચીડાતા એ તો હું મોટો થયો ત્યારે સમજ્યો. બ્રાહ્મણો સામાન્ય રીતે પૂજનીય અને પવિત્ર ગાયને પાળે છે. ભેંસ તો ભાગ્યે જ પાળે છે, ત્યારે અપવિત્ર ગણાતી બકરીને તો પાળે જ ક્યાંથી? બ્રાહ્મણો અને રાજપૂતો એને પાળવાનું પસંદ કરતા નથી.

વિવિધ નામે ઓળખાતી બકરી

તેમ છતાંય લોકજીવનમાં બકરીનું સ્થાન છે જ. ઉચ્ચ વર્ણના લોકો ગાય ને ભેંસ પાળે છે, તો સામાન્ય વર્ગના મજૂરિયા લોકો દૂધ માટે બકરી ખાસ પાળે છે. આથી બકરીને 'પુવર મેન્સ કાઉ' ગરીબ માણસની ગાય કહેવામાં આવે છે, પણ લોકો એને લોટી, ચાળી, લેખડી વગેરે નામે ઓળખે છે. ગામડાંઓમાં જ્યાં આજેય હજુ રેફ્રિજરેટરો પહોંચ્યાં નથી ત્યાં બકરી આશીર્વાદરૂપ બની રહી છે. મજૂરી કરનાર ગરીબ લોકોને સીમ શેઢે રાતદિવસ રહેવું પડે છે ને કામ કરવું પડે છે. એમને ચા માટે કે સાંજે વાળું વખતે દૂધ જોઈતું હોય તો જ્યાં ત્યાં જવું પડે છે. સમય અને પૈસા બગાડવાનું એમને પોસાય નહીં એટલે તેઓ બકરી સાથે રાખે છે. જરૂર પડે ત્યારે એનો પગ પકડીને દોહી લે છે. બકરીની એ નિરાંત હોય છે કે તમે એને દિવસમાં ગમે તેટલી વખત દોહી શકો છો. ઉનાળામાં તો દૂધ લાંબો વખત સારું રહે નહીં ત્યારે બકરીનું પેટ ખરેખર રેફ્રિજરેટરનું કામ આપે છે. વળી બકરીની ખાસ કંઈ માવજત કરવી પડતી નથી. વગડામાં ચરીને એ પોતાનું પેટ ભરી લે છે.

પાલતુ અને જંગલી બે જાતો

ભારતમાં ખાસ કરીને બે પ્રકારનાં બકરાં જોવા મળે છે. એક પાલતુ અને બીજુ જંગલી. કચ્છ તથા સૌરાષ્ટ્રના રબારી અને ભરવાડો બકરાંના વાઘ (ટોળાં) રાખે છે. બકરાં આર્થિક દૃષ્ટિએ પણ ઉપયોગી બની રહે છે. બકરીના દૂધમાંથી તેઓ માવો બનાવીને વેચે છે. બકરાંના વાળને તકલાથી કાંતીને ખાટલા ભરવાની દોરી બનાવે છે. વળી ખેડૂતો બકરાંને પોતાનાં ખેતરમાં બેસાડવા માટે લઈ જાય છે ત્યારે ભરવાડને બે-ચાર મણ અનાજ પણ બદલામાં મળી જાય છે.

બકરાંની બીજી જંગલી જાત જોવા મળે છે. એ "થાર" ને નામે ઓળખાય છે. આ થાર એ હિમાચલ પ્રદેશનો જંગલી બકરો છે, જે કાશમીરથી માંડીને ગઢવાલ, કુમાઉ અને ભુતાન સુધી જોવા મળે છે. આ બકરાંને માથે મોટાં શિંગડાં હોય છે અને એની ગરદનના વાળ પગ સુધી લટકતા હોય છે. સામાન્ય રીતે બકરીને બે આંચળ હોય છે. જંગલી બકરાં એવા ભયાનક સ્થળે રહેતાં હોય છે કે એનો શિકાર કરવો ખૂબ મુશ્કેલ બને છે.

બીજાં જંગલી બકરાં નીલગિરિની પર્વતમાળામાં પણ જોવા મળે છે. એને 'વરઆહુ' કહેવામાં આવે છે. સમુદ્રના તટથી ૪ થી ૬ હજાર ફૂટની ઊંચાઈએ આ બકરાં રહે છે. ત્રણથી સાડા ત્રણ ફૂટ લાંબા આ બકરાંના શિંગડાં સવા ફૂટ જેટલાં લાંબા હોય છે. પાંચ છ થી લઈને પચાસ સાઈઠના ટોળામાં તે ફરે છે ને ચરે છે.

બે પ્રકારે થતું બકરાંપાલન

ગરીબડી ગાય સમાન બકરી, પણ ઘણું જ ચપળ પ્રાણી છે. આદિમાનવે પ્રાણીઓની કેળવણીની શરૂઆત બકરીથી કરી હોય એમ મનાય છે. આ પ્રાણીમાં પ્રતિકૂળતાને સહન કરવાની અદ્‌ભુત શક્તિ છે, એટલું જ નહીં, પણ ઊંચી પ્રજનનક્ષમતા એ એનું અગત્યનું લક્ષણ છે. બકરી એક વેતરે બે અને ક્યારેક વધુ સંખ્યામાં બચ્ચાં જણે છે અને અનુકૂળ સંજોગોમાં દોઢ વર્ષમાં બે વખત વિયાય છે. આ લક્ષણોને લીધે દૂધ - ઉત્પાદન ઉપરાંત માંસ - ઉત્પાદન માટે બકરી અગત્યનું પ્રાણી ગણાય છે. બકરીના ખોરાકનો વિચાર કરતાંની સાથે જ "ઊંટ મૂકે આંકડો અને બકરી મૂકે કાંકરો" એ કહેવત યાદ આવે છે. આ કહેવતનો અર્થ વિચારતાં જ બકરીના ખોરાક વિશે સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે. બકરી તમામ પ્રકારની વનસ્પતિ ખાય છે. તેને ઝાડી ઝાંખરાંની તેમજ છોડની કૂણી કૂણી કુંપળો ખાવાનું વધુ ગમે છે.



વળી બકરી એક જગ્યાએ ઠરીને ચરવા કરતાં એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરીને ચરવાનું વધુ પસંદ કરે છે.

ભારતમાં બકરાંપાલન મુખ્યત્વે બે રીતે થાય છેઃ

(૧) મોટા પાયા પર અને (૨) નાના પાયા પર

ખાસ કરીને ભટકતી જાતિના લોકો બકરીનાં મોટાં ટોળાં (જેને સૌરાષ્ટ્રમાં બકરાંનું વાઘ કહે છે) રાખે છે અને દૂધ વેચાણ તથા બકરીનાં બચ્ચાનાં વેચાણમાંથી પોતાનું ગુજરાન ચલાવે છે. સામાન્ય રીતે આ લોકો તેમનાં બકરાં સંપૂર્ણપણે ચરિયાણ ઉપર જ નભાવે છે. એકલા ચરિયાણમાંથી પૂરતું પોષણ મળતું નથી. આથી દૂધ – ઉત્પાદન ઘણું જ ઓછું થાય છે અને માંસ પણ જોઈએ તેટલું સારી જાતનું હોતું નથી.

ગામડાંઓમાં મજૂર વર્ગના માણસો તેમના કુટુંબની દૂધની જરૂરિયાત પૂરી કરવા માટે એકાદ બે બકરી પાળે છે. આ લોકો બકરીને સામાન્ય રીતે ઝાડનાં પાંદડાં, ખેતરના શેઢાનું ઘાસ, ઘઉંનું થૂલું વગેરે ખવડાવી નભાવે છે. ઉપરાંત જ્યારે ખેતરોમાં કામ કરવા જાય ત્યારે ચરવા માટે સાથે પણ લઈ જાય છે. પણ આ રીતથી બહુ દૂધ મેળવવું અશક્ય છે; કારણ કે, બકરીને નિભાવ ઉપરાંત દૂધ ઉત્પાદન માટે જોઈતું પોષણ પૂરતા પ્રમાણમાં મળતું નથી. શહેરોમાં પણ ગરીબ વર્ગ એકાદ – બે બકરી રાખે છે અને શાકભાજીનાં છોડાં, ઝાડનાં પાંદડાં વગેરે ખવડાવી નિભાવ કરે છે. કેટલાક માણસો દાણ પણ ખવરાવે છે.

સૌરાષ્ટ્રના ખેડૂતો તેમની લીલી વાડને ચરી જનારાં પ્રત્યે તિરસ્કાર રાખે છે પણ તેનાં ખેતરમાં બકરાં રાતવાસો બેસીને જે ઉત્તમ ખાતર આપે છે તેને કારણે આ તિરસ્કાર હળવો બને છે અને ભરવાડોને બકરાંને ખેતરમાં બેસાડવાના ઊલટાના પૈસા મળે છે.

બકરી ભારતીય પશુ છે ?

ભારતીય બકરી કેટલી પ્રાચીન છે એ કહેવું અત્યંત મુશ્કેલ છે. વેદકાળ, રામાયણ ને મહાભારતના સમયમાં ગાય, હાથી, ઘોડા, ગધેડાંના ઉલ્લેખો મળે છે, પણ ઘેટા – બકરાંના ઉલ્લેખો મળતા નથી. કેટલાક સંશોધકો માને છે કે બકરી એ ભારતીય પશુ નથી. મુસ્લિમોની સાથે અહીં આવીને સારા દેશમાં છવાઈ ગઈ છે.



જૂના વખતમાં જ્યારે આજના જેવી અદ્યતન સ્ટીમરો નહોતી ત્યારે સાગરની લાંબી સફરે જનારા ખલાસીઓ વહાણની અંદર જીવતાં બકરાં લઈ જતાં. રસ્તામાં આવતા ટાપુઓ ઉપર બકરાંને છોડી દેતા. આથી ટાપુઓ ઉપર બકરાંને છોડી દેતા. આથી ટાપુઓ ઉપર બકરાંની વસ્તી વધતી, એટલે આવતાં જતાં દૂધ માટે અને માંસ માટે એ ઉપયોગમાં આવતાં. થોડાં વર્ષો પહેલાં જ્યારે સૌરાષ્ટ્રમાં અશ્વોનો ઉછેર થતો ત્યારે વછેરાને દૂધ પાવા માટે ખાસ દૂઝણી બકરીઓ રાખવામાં આવતી. બકરીનું દૂધ વછેરા માટે અત્યંત આરોગ્યપ્રદ ગણાતું.

બકરાંનું દૂધ આરોગ્ય માટે ઉત્તમ :

આરોગ્યની દૃષ્ટિએ બકરીનું દૂધ ઉત્તમ સાબિત થયું છે. બકરી કાંકરા સિવાય બધી જ વનસ્પતિ ખાય છે. કાંટાળા થોરનાં ડિંડલાં, તમાકુના પાન, આકડો અને તમામ વનસ્પતિ તે ચરે છે. આથી એમાંથી તૈયાર થયેલા દૂધમાં એના ઉત્તમ અંશો આવે છે. બકરાંનું પેટ બનાવવામાં પણ કુદરતે કમાલ કરી છે. એના પેટમાં ચાર વિભાગ હોય છે. પહેલા ભાગમાં બકરાં જે કંઈ ચરે તેનો સંગ્રહ થાય છે. ચાવેલા આ ખોરાકમાં ઉત્તમ પ્રકારનાં જંતુઓ થાય છે અને તેનો આથો થાય કોઈ પણ જાતની વનસ્પતિનું પાચન કરી તેમાંથી તે ઉત્તમ તત્ત્વો પેદા કરે છે. તે તત્ત્વો બકરીના દૂધમાં આવે છે. આ દૂધ ક્ષય રોગ, પાંડુરોગ, બરોળનાં દર્દો માટે અત્યંત ગુણકારી મનાયું છે. આથી ઘણીવાર વૈદ્યો આવા દર્દીઓને બકરીના દૂધ વડે જ દૂધવટી કરાવે છે.

પૂ. મહાત્મા ગાંધીજી પણ બકરીના દૂધના હિમાયતી હતા. બકરાંનું માંસ પણ આરોગ્યને માટે ઉત્તમ મનાયું છે. આથી બકરીનો ખોરાક તરીકે પણ ઉપયોગ થાય છે.

બકરાંની વિલક્ષણ પ્રણયચેષ્ટા :

બકરી સાથેની બોકડાની પ્રણયચેષ્ટા પણ અનોખા પ્રકારની હોય છે. બકરીને પોતાના તરફ આકર્ષવાની બોકડાની કરામત આપણને આશ્ચર્ય પમાડે છે. કામાતુર બકરો આળોટીને તેનું મૂત્ર પોતાના શરીરે લગાડે છે. આ મૂત્રમાંથી 'ફેરોમોન્સ' નામના તત્ત્વની ગંધ ફેલાવે છે. આ ગંધને કારણે બકરી, બકરા તરફ આકર્ષાય છે. કોઈ વખત શેરીઓમાં બોકડાઓ બકરીને મેળવવા માટે સામસામા શિંગડા ભરાવીને ધીંક લેતા હોય છે. જે બકરો હારી જાય તે સમજદારી દાખવીને બકરી પરનો પોતાનો હક જતો કરે છે. વિજયી બોકડો બકરી નજીક પહોંચતા પહેલા પ્રેમની ચેષ્ટાઓ કરે છે. જ્યારે બકરી બેં.. બેં.. બેં.. કરતી શિંગડા વતી બકરાંની ગરદન પંપાળે છે. ત્યારે બકરો સમજે છે કે બકરીએ તેના પ્રણયનો સ્વીકાર કર્યો છે. બકરો એ બકરી પર બળાત્કાર કરવાનો પ્રયત્ન કરે તો તેમાં કદી સફળ થતો નથી. એક જ બકરો અનેક બકરીઓને ફળાવી શકે છે. બકરી ઘણાં બચ્ચાંઓને જન્મ આપતી હોવાને કારણે તેમની વસતી ઝડપથી વધે છે.

બકરાં ખેતીનાં દુશ્મન ગણાય છે. સીમશેઢે રખડતાં બકરાં ખેડૂતોનાં ખેતરમાં ઊભેલો મોલ ચરી જાય છે. જંગલની કિંમતી ઔષધીઓ ચરી જઈને એનો નાશ કરી નાખે છે, બકરાંના પગની ખરીઓ વનસ્પતિ માટે ઘાતક હોય છે. જો લીલીછમ હરિયાળી પર સો બકરાં લાઈનસર ચાલે તો એ જગા ઘાસ માટે સાવ નકામી બની જાય છે. ત્યાં બે – ત્રણ વરસ સુધી ઘાસ કે લીલોતરી થતાં નથી. આથી આરબો રણ પ્રદેશનાં બકરાંને પોતાના દુશ્મન ગણે છે અને તેને ખાઈ જવાની જ વાત કરે છે.

કળામાં બકરું :

સૂર્યની જેમ અગ્નિ પણ વૈદિક દેવતા ગણાય છે. પુરાણો (મત્સ્ય તથા અગ્નિ) માં અગ્નિના સ્વરૂપનું વર્ણન મળે છે. એમાં અગ્નિ દેવતા વાહન સ્વરૂપે બકરો જોવા મળે છે. આગમ ગ્રંથોમાં પણે બકરાંના વાહનનો ઉલ્લેખ મળે છે.

દક્ષિણ ભારતના ચિદંબરમના મંદિર પર અગ્નિની પ્રતિમામાં બકરાનું મુખ કોતરેલું જોવા મળે છે. આ પ્રકારે જાનવર તથા મનુષ્યની આકૃતિમાં બકરાંની મુખાકૃતિ જોવા મળે છે. આધ્યાત્મિક વાતો પર વિચાર કરવામાં આવે તો જણાશે અગ્નિમાં રજોગુણની પ્રધાનતા છે. બકરો પણ રજોગુણી હોવાથી એને અગ્નિનું વાહન બનાવવામાં આવ્યો છે.

જે બકરો હારી જાય તે સમજદારી દાખવીને બકરી પરનો પોતાનો હક જતો કરે છે. વિજયી બોકડો બકરી નજીક પહોંચતા પહેલા પ્રેમની ચેષ્ટાઓ કરે છે. જ્યારે બકરી બેં.. બેં.. બેં.. કરતી શિંગડા વતી બકરાંની ગરદન પંપાળે છે. ત્યારે બકરો સમજે છે કે બકરીએ તેના પ્રણયનો સ્વીકાર કર્યો છે. બકરો એ બકરી પર બળાત્કાર કરવાનો પ્રયત્ન કરે તો તેમાં કદી સફળ થતો નથી. એક જ બકરો અનેક બકરીઓને ફળાવી શકે છે. બકરી ઘણાં બચ્ચાંઓને જન્મ આપતી હોવાને કારણે તેમની વસતી ઝડપથી વધે છે.

બકરાં ખેતીનાં દુશ્મન ગણાય છે. સીમશેઢે રખડતાં બકરાં ખેડૂતોનાં ખેતરમાં ઊભેલો મોલ ચરી જાય છે. જંગલની કિંમતી ઔષધીઓ ચરી જઈને એનો નાશ કરી નાખે છે, બકરાંના પગની ખરીઓ વનસ્પતિ માટે ઘાતક હોય છે. જો લીલીછમ હરિયાળી પર સો બકરાં લાઈનસર ચાલે તો એ જગા ઘાસ માટે સાવ નકામી બની જાય છે. ત્યાં બે – ત્રણ વરસ સુધી ઘાસ કે લીલોતરી થતાં નથી. આથી આરબો રણ પ્રદેશનાં બકરાંને પોતાના દુશ્મન ગણે છે અને તેને ખાઈ જવાની જ વાત કરે છે.

કળામાં બકરું :

સૂર્યની જેમ અગ્નિ પણ વૈદિક દેવતા ગણાય છે. પુરાણો (મત્સ્ય તથા અગ્નિ) માં અગ્નિના સ્વરૂપનું વર્ણન મળે છે. એમાં અગ્નિ દેવતા વાહન સ્વરૂપે બકરો જોવા મળે છે. આગમ ગ્રંથોમાં પણ બકરાંના વાહનનો ઉલ્લેખ મળે છે.

દક્ષિણ ભારતના ચિદંબરમના મંદિર પર અગ્નિની પ્રતિમામાં બકરાનું મુખ કોતરેલું જોવા મળે છે. આ પ્રકારે જાનવર તથા મનુષ્યની આકૃતિમાં બકરાંની મુખાકૃતિ જોવા મળે છે. આધ્યાત્મિક વાતો પર વિચાર કરવામાં આવે તો જણાશે અગ્નિમાં રજોગુણની પ્રધાનતા છે. બકરો પણ રજોગુણી હોવાથી એને અગ્નિનું વાહન બનાવવામાં આવ્યો છે.



લોક સંસ્કૃતિ અને કલામાં પશુઓ,
ગુજરાત કલા પ્રતિષ્ઠાન ગ્રંથ ભાગ ૨૩ માંથી " સાભાર "

લોકધર્મમાં બકરી :

બકરાં લક્ષ્મીપુત્ર ગણાતાં હોવાથી લોકધર્મમાં વિશિષ્ટ સ્થાન પામ્યાં છે. દલિત, કોળી, કણબી ઈત્યાદિ લોકજાતિઓમાં પૂજાતી મેલડી માતાનું વાહન બોકડો ગણાય છે. રાજસ્થાનમાં પથ્થરમાંથી મળી આવેલી ૧૫૦૦-૧૬૦૦ વર્ષ પુરાણી ગુપ્તકાલીન દેવમૂર્તિઓમાં એક દ્વિમુખી મૂર્તિના પગ હાથીના અને મુખ બકરાનું છે. આ મૂર્તિ બિકાનેરના સંગ્રહસ્થાનમાં હોવાનું શ્રી વિજયશંકર, શ્રીવાસ્તવ નોંધે છે.

નવરાત્રિ કે અન્ય ઉત્સવ પ્રસંગે દેવીઓને બકરાંનો ભોગ ધરાવવામાં આવે છે. આ પ્રસંગે ગવાતી સાવળો (સ્તુતિ) પરથી એનો ખ્યાલ આવે છે. આવી સાવળો શ્રી પુરુષોત્તમ સોલંકીએ "લોકમાતાઓ" માં નોંધી છે :

લીલા વનરાજમાં લીલી નાઘેરમાં
ઝીણા મોર બોલે છે લીલી નાઘેરમાં
માંડવ નાખ્યાં લીલી નાઘેરમાં
મોદલ બાંધી લીલી નાઘેરમાં
લીલા વનરાજમાં લીલી નાઘેરમાં
રબારી આયો લીલી નાઘેરમાં
બોકડ લા'યો લીલી નાઘેરમાં
ભૂવો આયો લીલી નાઘેરમાં
છરિયું લા'યો લીલી નાઘેરમાં
લીલી વનરાજમાં લીલી નાઘેરમાં
ઝીણા મોર બોલે છે લીલી નાઘેરમાં
માંડવ નાખ્યાં લીલી નાઘેરમાં
બોકડ વધેર્યો લીલી નાઘેરમાં
હવન દીધાં લીલી નાઘેરમાં
રગત પીધાં લીલી નાઘેરમાં
નેજા ફરક્યા લીલી નાઘેરમાં
ઝીણા મોર બોલે છે લીલી નાઘેરમાં

માંડવડો નાસ્યો રે બધું માંડવડો નાસ્યો
શેલરિયો સાંચો રે બધું શેલરિયો સાંચો
રબારી આયો રે બધું રબારી આ'યો
બોકડ લાવે રે બધું બોકડ લાવે
ઢંચણ ઢાળ્યા રે બધું ઢંચણ ઢાળ્યા.
હવને ઘાલ્યા રે બધું હવને ઘાલ્યા.

માતાને બકરાનો ભોગ આપવાની પ્રથા હવે લગભગ લુપ્ત થઈ ગઈ છે. આજે સવા મણ સુખડીનો પાડો, બકરો બનાવીને ચડાવાય છે અથવા જીવતો ઘેટોબકરો દેવીના નામે રમતો મુકાય છે.

બકરી સાથે હત - પ્રીત :

ન માની શકાય કે ન કલ્પી શકાય તેવી આ સત્ય ઘટના છે. ભરતપુરના નદિયા. મહોલ્લામાં ૧૦૦ વર્ષની વયના રાધાકૃષ્ણ ગુપ્તા ઉર્ફે ગુલાબી બાબુ રહેતા હતાં. ગાંધીજીની જેમ એમણે પણ બકરી પાળી છે. એની રસપ્રદ કથા આલેખતાં શ્રી અરવિંદ શ્રોફ લખે છે કે -

ત્રણ સાડા ત્રણ વર્ષ પર બાબુજીને હાર્ટ એટેક થયો હતો. તેઓ બેભાન થઈ ગયેલા. એમનાં પત્ની બેબાકળ બની ગયાં. સંકટ સમયની સાંકળ તરીકે એમણે બાબુજીને જેમ તેમ બકરીનું દૂધ પાયું અને ચમત્કાર થયો. રોગ મુઠ્ઠી વાળીને ભાગી ગયો. તે દિવસથી બાબુજીને બકરી પર શ્રદ્ધા વધી ગઈ. એને "સંજીવની" માનવા લાગ્યા. એમણે એ પ્રાણરક્ષક બકરીની સેવા કરવા માંડી. કમનસીબે બકરી બે - એક મહિના પછી સ્વર્ગે સીધાવી. હવે એની 'પુત્રી ની સેવામાં ગુલાબીબાબુ પરોવાયા છે. એમણે એ બકરીની યાદમાં વીસ લાખ રૂપિયાના જંગી ખર્ચે એક આધુનિક સુખસુવિધાવાળો બંગલો બાંધવાની દસ વર્ષીય યોજના ઘડી કાઢી હતી.



જૂના વખતમાં જ્યારે આજના જેવી અદ્યતન સ્ટીમરો નહોતી ત્યારે સાગરની લાંબી સફરે જનારા ખલાસીઓ વહાણની અંદર જીવતાં બકરાં લઈ જતાં. રસ્તામાં આવતા ટાપુઓ ઉપર બકરાંને છોડી દેતા. આથી ટાપુઓ ઉપર બકરાંને છોડી દેતા. આથી ટાપુઓ ઉપર બકરાંની વસ્તી વધતી, એટલે આવતાં જતાં દૂધ માટે અને માંસ માટે એ ઉપયોગમાં આવતાં. થોડાં વર્ષો પહેલાં જ્યારે સૌરાષ્ટ્રમાં અશ્વોનો ઉછેર થતો ત્યારે વછેરાને દૂધ પાવા માટે ખાસ દૂઝણી બકરીઓ રાખવામાં આવતી. બકરીનું દૂધ વછેરા માટે અત્યંત આરોગ્યપ્રદ ગણાતું.

બકરાંનું દૂધ આરોગ્ય માટે ઉત્તમ :

આરોગ્યની દૃષ્ટિએ બકરીનું દૂધ ઉત્તમ સાબિત થયું છે. બકરી કાંકરા સિવાય બધી જ વનસ્પતિ ખાય છે. કાંટાળા થોરનાં ડિંડલાં, તમાકુના પાન, આકડો અને તમામ વનસ્પતિ તે ચરે છે. આથી એમાંથી તૈયાર થયેલા દૂધમાં એના ઉત્તમ અંશો આવે છે. બકરાંનું પેટ બનાવવામાં પણ કુદરતે કમાલ કરી છે. એના પેટમાં ચાર વિભાગ હોય છે. પહેલા ભાગમાં બકરાં જે કંઈ ચરે તેનો સંગ્રહ થાય છે. ચાવેલા આ ખોરાકમાં ઉત્તમ પ્રકારનાં જંતુઓ થાય છે અને તેનો આથો થાય કોઈ પણ જાતની વનસ્પતિનું પાચન કરી તેમાંથી તે ઉત્તમ તત્ત્વો પેદા કરે છે. તે તત્ત્વો બકરીના દૂધમાં આવે છે. આ દૂધ ક્ષય રોગ, પાંડુરોગ, બરોળનાં દર્દો માટે અત્યંત ગુણકારી મનાયું છે. આથી ઘણીવાર વૈદ્યો આવા દર્દીઓને બકરીના દૂધ વડે જ દૂધવટી કરાવે છે.

પૂ. મહાત્મા ગાંધીજી પણ બકરીના દૂધના હિમાયતી હતા. બકરાંનું માંસ પણ આરોગ્યને માટે ઉત્તમ મનાયું છે. આથી બકરીનો ખોરાક તરીકે પણ ઉપયોગ થાય છે.

બકરાંની વિલક્ષણ પ્રણયચેષ્ટા :

બકરી સાથેની બોકડાની પ્રણયચેષ્ટા પણ અનોખા પ્રકારની હોય છે. બકરીને પોતાના તરફ આકર્ષવાની બોકડાની કરામત આપણને આશ્ચર્ય પમાડે છે. કામાતુર બકરો આળોટીને તેનું મૂત્ર પોતાના શરીરે લગાડે છે. આ મૂત્રમાંથી 'ફેરોમોન્સ' નામના તત્ત્વની ગંધ ફેલાવે છે. આ ગંધને કારણે બકરી, બકરા તરફ આકર્ષાય છે. કોઈ વખત શેરીઓમાં બોકડાઓ બકરીને મેળવવા માટે સામસામા શિંગડા ભરાવીને ધીક લેતા હોય છે. (લોક સંસ્કૃતિ અને કલામાં પશુઓ, ગુજરાત કલા પ્રતિષ્ઠાન ગ્રંથ ભાગ ૨૩ માંથી" સાભાર")

ભારતીય ઔષધિ તથા મરી-મસાલા

- ખ્યાતિ જે. શર્મા ,
મિનાક્ષી આર. પ્રજાપતિ

ભારતીય ઘરોમાં ઔષધિ અને મરી- મસાલાનો ઉપયોગ પ્રાચીનકાળથી થતો આવ્યો છે. આ મરી-મસાલાઓએ પોતાના સ્વાદ, સુગંધ અને રંગને કારણે રસોઈમાં એવુ એક સ્થાન લઈ લીધુ છે કે તેમના વિના આપણે રસોઈ બનાવાની કલ્પના પણ કરી શકતા નથી. જરા વિચારો કે આદુ અને મસાલા વિનાની ચાય, રાઈ-જીરા વગરના દાળ - શાક, અજમા વગરના ફાફડા, ઈલાયચી, જાયફળ અને કેસર વિનાની મીઠાઈઓ, આખા ધાણા વગરના ગોટા. આ બધી વાનગીઓના નામ સાંભળીને કોઈના પણ મોંઢામાં પાણી આવી જાય. કેમ કે આ વાનગીઓની મજા ત્યારે જ છે જ્યારે તેમાં અમુક પ્રકારના મરી- મસાલાનો ઉપયોગ થયો હોય. મરી- મસાલાના ઔષધીય ગુણોનું ભાગ્યે જ કોઈને જ્ઞાન હશે પરંતુ સ્વાદ, સુગંધ અને રંગને લીધે લોકો મસાલા અવશ્ય વાપરે છે. આપણા રોજીંદા આહારમાં વપરાતા આ મરી- મસાલાઓ અનેક ઔષધીય ગુણો ધરાવે છે.



સામાન્ય રીતે જુદી જુદી વાનગીઓમાં આ બધા મરી-મસાલાનો ઉપયોગ બહુજ ઓછી માત્રામાં થાય છે, પરંતુ એ ઓછી માત્રા પણ વાનગીને એક આગવી ઓળખ અપાવે છે. મરી-મસાલાઓનો ઉપયોગ સામાન્ય ખોરાકની સરખામણીમાં બહુ ઓછી માત્રામાં થાય છે.

જેને લીધે મરી-મસાલાઓ શરીરને માઈક્રો-ન્યુટ્રીએન્ટ્સ જેવા જે પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ કે ચરબી નથી આપતા. પરંતુ મરી-મસાલા માઈક્રો કમ્પાઉન્ડ્સનો ખજાનો છે. જે શરીરને રોગપ્રતીકારક શક્તિ પૂરી પાડે છે. ઘણી બધી વૈજ્ઞાનિક શોધો એ સાબીત કર્યુ છે કે ભારતીય મરી-મસાલાઓમાં અનેક સ્વાસ્થ્ય વર્ધક તત્વો જેવા કે એન્ટીઓક્ષીડન્ટ્સ, પીગ્મેન્ટ્સ, વોલેટાઈલ ઓઈલ્સ વગેરે રહેલા છે.

આ પ્રચલીત મરી-મસાલાઓમાં અમુક છોડ અથવા વૃક્ષના વિવિધ ભાગો જેવાકે પાંદડા, મૂળ, છાલ, કળી, બીજ, અથવા ફૂલનો સમાવેશ થાય છે. આ દરેક મરી-મસાલાની કંઈક આગવી વિશિષ્ટતા છે. ભારતમાં સામાન્ય રીતે વપરાતા મરી - મસાલામાં લવિંગ, તજ, ધાણા, કાળા મરી, જીરું, હીંગ, તમાલ પત્ર વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, તાજા પાંદડા તથા મૂળ જેવા કે લીલા ધાણા, ફૂદિનો, આદુ, હળદળ વગેરેનો ઉપયોગ પણ ભરપૂર માત્રામાં થાય છે. આ બધા મરી-મસાલાના સ્વાદ અને સુગંધ વીષે તો બધા જાણે છે, પરંતુ તેના ઔષધિય ગુણો વિષે બહુજ ઓછા લોકોને જાણકારી છે. તો આજે આ વિશે થોડી જાણકારી મેળવીયે.

જીરૂ :



જીરાએ પોતાની વિશિષ્ટ સુગંધ અને સ્વાદને કારણે દરેક રસોડાની મસાલાપેટીમાં મહત્વનું સ્થાન લઈ લીધું છે. આખું જીરૂ દાળ-શાકના વધારમાં અને જીરા પાઉડર ગરમ મસાલો, છાશનો મસાલો, ધાણા-જીરૂ પાઉડર વગેરે બનાવવામાં ઉપયોગમાં લેવાય છે. જીરૂમાં સુગંધ અને સ્વાદ ઉપરાંત અનેક ઔષધીય ગુણો છે. જીરાનો ઉપયોગ મહર્ષિ ચરકનાં કાળથી ઔષધ તરીકે થતો આવ્યો છે. આયુર્વેદમાં તેને 'જીરક' કહે છે. જીરાની તાસીર તીક્ષ્ણ છે, જેને લીધે સ્વાદમાં તીખું, પચવામાં હળવું અને ભૂખ લગાડનાર છે. ઉપરાંત, ઝાડા-ઊલ્ટી, તાવ, ગેસ, ત્વચાના રોગો વગેરેને મટાડનાર છે. જીરામાં વોલેટાઈલ ઓઈલ્સ તથા ક્યુમાલ્ડીહાઈડ નામનું તત્ત્વ કે જે એસેન્શિલ ઓઈલના નામે ઓળખાય છે. આ તત્ત્વોના કારણે જ જીરૂ ઔષધીય ગુણો ધરાવે છે.



તજ :

તજનો ઉપયોગ રસોડામાં ખૂબ જ સામાન્ય રીતે કરવામાં આવે છે. તજ એક ઝાડની છાલ છે. તજ સામાન્ય રીતે ચાયના મસાલામાં, ગરમ મસાલા અને અન્ય વાનગીઓના મસાલામાં વપરાય છે. ઉપરાંત તજના ટુકડા વઘારમાં નાખવાનું પણ પ્રચલન છે. તજ ખોરાકને માત્ર સ્વાદ જ નહી પણ અનેક શારીરિક લાભ આપે છે. તજમાં એન્ટિસેપ્ટિક અને ફૂગનાશક ગુણો છે. ઉપરાંત, તજની છાલ માથાના દુખાવામાં, ચામડીના રોગોની સારવારમાં, બળતરામાં રાહત છે. તજ કોલેસ્ટેરોલ ઘટાડવામાં પણ ઉપયોગી છે. તજનો ઉપયોગ નાની મોટી દરેક સમસ્યામાં કરી શકાય છે, જેમકે દાંતનો દુખાવો, અજીર્ણ, ગેસ, કબજીયાત, ઉલ્ટી, ઝાડા, હળવો તાવ, અપચો વગેરે અનેક સમસ્યામાં તજ ઉપયોગી છે.



ફૂદીનો :

ફૂદીનો એક લોકપ્રિય હર્બ છે જે આપણે પ્રાચીનકાળથી વાપરીયે છીએ. ઘણા અભ્યાસોએ છોડની વિવિધ ફાર્માકોલોજીકલ અને ઉપચારાત્મક અસરો બતાવી છે. ફૂદીનો તેની એન્ટિમાઇક્રોબીઅલ ઇફેક્ટને કારણે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ઉપયોગી છે. ભૂખ ન લાગવી, શ્વાસનળીનો સોજો, સામાન્ય શરદી તાવ, ઉબકા - ઉલ્ટી અને અપચો સંબંધિત સમસ્યાની સારવારમાં ફૂદીનો ખુબજ ઉપયોગી છે. આપણે સામાન્ય રીતે ફૂદીનાના પાનનો ઉપયોગ ચટણી, ચા, લીંબુ પાણી, જેલી, સીરપ, કેન્ડી વગેરેમાં કરીએ છીએ.

મરી :

મરી મુખ્યત્વે બે પ્રકારના હોય છે સફેદ અને કાળા. સામાન્ય રીતે કાળામરીનો વપરાશ વધુ પ્રમાણમાં જોવા મળે છે. મરી સ્વાદમાં તીખા પણ શરીર માટે ઠંડા છે. મરી રસોઈને તીખાશ, સ્વાદ અને સુગંધ આપે છે. મરી શરીરની પાચનશક્તિમાં વધારો કરે છે. ઉપરાંત શરદી, ઉધરસ, ગળાના રોગો, તાવ, આંતરડા, મરડો, અને કૃમિરોગમાં પણ અસરકારક છે. મરી પોતાની એન્ટિમાઈક્રોબાયલ અસરને કારણે ઈમ્યુન સિસ્ટમમાં સુધારો કરે છે. વૈજ્ઞાનિક શોધ મુજબ મરીમાં પાઇપરીન નામનું એક સક્રિય કમ્પાઉન્ડ રહેલુ હોય છે જેના કારણે તેની સ્વાસ્થ્યવર્ધક અસર ધરાવે છે. મરી ચરબીના કોષોને તોડવાની પ્રક્રિયાને ઉત્તેજિત કરતા હોઈ વજન ઘટાડવામાં પણ મદદ કરે છે. બધાજ ઔષધોમાં મરી પોતાના અગણિત ગુણોને લીધે સૌથી વધુ મહત્વ ધરાવે છે. ઉપરાંત, કાળા મરીને મસાલાનો રાજા માનવામાં આવે છે, કારણ કે તે આંતરરાષ્ટ્રીય વેપારના જથ્થામાંથી સૌથી વધુ વળતર મેળવે છે.





આદુ :

લગભગ વિશ્વના દરેક દેશમાં આદુનો ઉપયોગ કરવામાં આવે છે. આદુના આયુર્વેદિક ગુણોને કારણે ભોજનમાં સ્વાદ વધારવા ઉપરાંત અસંખ્ય બિમારીઓના ઉપચાર માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. સંધિવા, મચકોડ, સ્નાયુઓનો દુખાવો, કફ, ખાંસી, કબજિયાત, અપચો, ઉલટી, હાયપરટેન્શન, તાવ વગેરેમાં ખુબજ ઉપયોગી છે. ભારતમાં શિયાળામાં બધાજ ઘરોમાં આદુ વાળી ચા પીવામાં આવે છે. દાળ-શાક અને ચટણીમાં તાજૂ આદુ અને સુકા મસાલા જેવાકે ચાય મસાલા તથા અન્ય મસાલામાં સુંઠના ચટણી વગેરેમાં પણ આદુ વપરાય છે.

અજમો :

અજમો એક કડવો, સુગંધિત, ગરમ પાંદડાંવાળો ઔષધીયછોડ છે. અજમો પાચનમાં સુધારો કરે છે. ગરમ હોવાને લીધે, ચયાપચય પ્રક્રિયાનો વેગ વધારે છે. અજમો શરદી, ખાંસી, ઈન્ફલ્યુએન્ઝા, અસ્થમા, ઝાડા, કોલેરા, આંતરડા, અપચો જેવા રોગોમાં ખૂબજ ઉપયોગી છે. બાળકો માટે અજમો શરદીમાં ખૂબજ લાભદાયી છે. અજમો નાખીને ઉકાળેલા પાણીનો નાસ લેવામાં આવે અથવા અજમાના ગરમ પાણીથી નાના બાળકને નાવડાવવામાં આવે તો બાળકને ખૂબ આરામ આપે છે.





તમાલપત્ર :

ઓછી માત્રામાં વપરાશ હોવા છતાં તમાલપત્રના ઘણા ઔષધીય ગુણોને નકારી શકાય તેમ નથી. તમાલપત્ર પરંપરાગત રીતે, પેટની સમસ્યાઓ જેવી કે પાચન અને પેટ ફૂલવાની સમસ્યામાં ઉપયોગ કરવામાં આવે છે. તમાલપત્રના પાંદડાનો ઉપયોગ સલાડ, ચોખા, દાળ, શાક, કઢી વગેરેમાં કરવામાં આવે છે. વૈજ્ઞાનિક શોધમાં એ સાબિત થયુ છે કે, તમાલપત્ર રોગપ્રતિકારક શક્તિ વર્ધક (ઈમ્યુનોસ્ટીમ્યુલેન્ટ) અસર ધરાવે છે

લવિંગ :

લવિંગ એ એક ખૂબ જ મૂલ્યવાન મરી- મસાલા માંની એક છે, જેનો ઉપયોગ સદીઓથી ખાદ્ય સંરક્ષણ માટે અને ઘણા ઔષધીય હેતુઓ માટે કરવામાં આવે છે. તેમા યુજેનોલ, યુજેનોલ એસિટેટ અને ગેલિક એસિડ જેવા તત્ત્વો રહેલા હોય છે, જે લવિંગને ઔષધીય ગુણો આપે છે. દાંતના દુઃખાવામાં રાહત માટે લવિંગ અને તેનુ તેલ ફાયદાકારક છે. છાતીમાં દુખાવો, તાવ, પાચનની સમસ્યાઓ, ઉધરસ અને શરદી માટે પણ ફાયદાકારક છે.



મરી-મસાલાનો ઉપયોગ કરવાની રીતઃ મરી-મસાલાનો ઉપયોગ કરતી વખતે ખાસ ધ્યાન આપવુ કે જે પણ મરી-મસાલા વાપરીયે એ તાજા હોય. તાજા મરી-મસાલા જ સ્વાથ્ય માટે લાભદાયી છે. દરેક મરી-મસાલામાં એક ખાસ સુગંધિત તેલ રહેલુ હોય છે જે તેને એક વિશિષ્ટ સુગંધ આપે છે. આ સુગંધિત તેલમાં જ બધા સ્વાસ્થ્યવર્ધક તત્ત્વો રહેલા હોય છે. મરી-મસાલાને લાંબા સમય સુધી રાખી મૂકવાથી તેમાં રહેલ સુગંધિત તેલ અને ઔષધીય તત્ત્વો નાશ પામે છે. માટે તાજા મરી-મસલા વાપરવાજ હિતાવહ છે, જેથી તેના ઔષધીય ગુણોનો વધુમાં વધુ લાભ લઈ શકાય.

વિજ્ઞાનમાં ભારત

- ધાર્મિક પુરોહિત

૧. ભોજનની શરૂઆત તીખાશથી અને અંત મીઠાશથી (ગળ્યાથી) કેમ?

- જયારે પણ કોઈ ધાર્મિક કે પારિવારિક સમારોહ થાય છે તો ભોજનની શરૂઆત તીખાશથી અને અંત મીઠાશથી થાય છે. અહીંયા વૈજ્ઞાનિક તર્ક એ છે કે તીખું ખાવાથી આપણા પેટની અંદર પાચન તત્વ તથા અમ્લ સક્રિય થઈ જાય છે. આનાથી પાચનતંત્ર બરાબર રીતે સંચાલિત થાય છે. અંતમાં મીઠું (ગળ્યું) ખાવાથી અમ્લની તીવ્રતા ઓછી થઈ જાય છે, જેનાથી પેટમાં બળતરા થતી નથી.

૨. જમીનપર બેસીને ભોજન કેમ કરીએ છીએ?

- પલાંઠી વાળીને બેસવું એ એક પ્રકારનું યોગાસન છે. આ અવસ્થામાં બેસવાથી મસ્તિષ્ક શાંત રહે છે અને ભોજન કરતી વખતે મગજ શાંત હોય તો પાચનક્રિયા સારી રહે છે.

૩. બંગડી કેમ પહેરવી જોઈએ?

- ભારતીય મહિલાઓ હાથમાં બંગડીઓ પહેરે છે તેની પાછળનો તર્ક એવો છે કે હાથમાં બંગડી પહેરવાથી ચામડી અને બંગડી વચ્ચે ઘર્ષણ થાય છે, એટલે તેમાં એક પ્રકારની ઊર્જા ઉત્પન્ન થાય છે. આ ઊર્જા શરીરના રૂધિર પરિભ્રમણને નિયંત્રિત કરે છે.

૪. મહિલાઓ વિંછીયા (વેઢ) કેમ પહેરે છે?

- ભારતીય સંસ્કૃતિમાં પરણેલી મહિલા વિંછીયા પહેરે છે. તેનો વૈજ્ઞાનિક તર્ક એવો છે કે પગમાં બીજી આંગળીમાં ચાંદીની વિંછીયા પહેરવામાં આવે છે અને એની નસ ગર્ભાશય સાથે સીધી જોડાયેલી હોય છે. ત્યાં પહોંચતા લોહીનું પ્રવાહ સંતુલન બરાબર રહે છે અને તેનાથી ગર્ભાશય સ્વસ્થ રહે છે તેમજ માસિકધર્મ નિયમિત રહે છે.

૫. હાથ અને પગમાં મહેંદી લગાવવાનું મહત્વ શું છે?

- મોટાભાગે લગ્ન અને તહેવારોમાં હાથ અને પગમાં મહેંદી લગાવવામાં આવે છે, જેનાથી સ્ત્રીઓ સુંદર દેખાય. એક તર્ક એવો પણ છે કે મહેંદી એક જડીબુટ્ટી છે, જેને લગાડવાથી શરીરનો તણાવ, માથાનો દુઃખાવો વગેરે થતા નથી. શરીર ઠંડુ રહે છે અને ખાસ કરીને એ નાડી ઠંડી રહે છે જેનો સીધો સંપર્ક મગજ સાથે છે. તેથી ગમે તેટલું કામ હોય, તણાવ રહેતો નથી.

૬. ચરણસ્પર્શ કેમ કરવા જોઈએ?

- હિંદુ માન્યતા અનુસાર, જયારે પણ આપણે ઉંમરમાં કોઈ મોટી વ્યક્તિને મળીએ તો તેમના ચરણસ્પર્શ કરવા જોઈએ. આ જ વાત આપણે બાળકોને પણ શીખવાડીએ છીએ કે જેથી તેઓ પોતાનાથી મોટી ઉંમરની વ્યક્તિઓનું આદર-સન્માન કરવાનું શીખે. તેની પાછળનો તર્ક એવો છે કે મસ્તિષ્કમાંથી નીકળતી ઊર્જા હાથ અને સામેવાળી વ્યક્તિના પગ સુધી એક ચક્ર પૂરું કરે છે, તેને કોસ્મિક ઊર્જાનો પ્રવાહ કહેવાય છે.

૭. હિંદુ સ્ત્રીઓ સેંથીમાં સિંદૂર કેમ લગાવે છે?

- સેંથીમાં સિંદૂર લગાવવું સોહાગણ સ્ત્રીઓનું સૂચક માનવામાં આવે છે. હિંદુઓમાં વિવાહિત સ્ત્રીઓ જ સિંદૂર લગાવે છે. કુંવારી કન્યાઓ અને વિધવા સ્ત્રીઓ માટે સિંદૂર લગાવવું વર્જિત છે. તે ઉપરાંત, સિંદૂર લગાવવાથી સ્ત્રીઓના સૌંદર્યમાં વધારો થાય છે. વિવાહ-સંસ્કારના સમયે વર વધૂના માથામાં મંત્રોચ્ચાર સાથે પાંચ અથવા સાત વખત ચપટીથી સિંદૂર લગાવે છે. ત્યારબાદ વિવાહકાર્ય સંપન્ન થઈ જાય છે. તે દિવસથી એ સ્ત્રી પોતાના પતિના દીર્ઘાયુ માટે દરરોજ સેંથીમાં સિંદૂર લગાવે છે.

૮. તિલક કેમ લગાવવું જોઈએ?

- શાસ્ત્રો અનુસાર જો બ્રાહ્મણ તિલક ન લગાવે તો એને 'ચાંડાલ' સમજવામાં આવે છે. તિલક લગાવવાને ધાર્મિક કાર્ય માનવામાં આવે છે.

૯. શું તિલક માત્ર બ્રાહ્મણ લગાવી શકે? અન્ય જાતિઓ નહિ?

- તિલક, ત્રિપુંડ, ટીકા અથવા બિંદી એનો સીધો સંબંધ મસ્તિષ્ક જોડે હોય છે. મનુષ્યની બંને ભ્રમરોની વચ્ચે (જે સ્થાન પર તિલક લગાવીએ છીએ) 'આજ્ઞા ચક્ર' સ્થિત છે. આ ચક્ર પર ધ્યાન કેન્દ્રિત કરવા માત્રથી સાધકનું મન શક્તિસંપન્ન થઈ જાય છે. તેને 'આત્માનું કેન્દ્ર' કહીએ તોપણ ખોટું નહીં કહેવાય. તદુપરાંત, આત્માનું સંચાલન આ જ સ્થાનથી થાય છે. આજ્ઞાચક્ર જ 'તૃતીય નેત્ર' છે. તેને 'દિવ્યનેત્ર' પણ કહેવામાં આવે છે. તિલક લગાવવાથી આજ્ઞાચક્ર જાગૃત થાય છે. તેની તુલના રડાર, ટેલિસ્કોપ વગેરે સાથે કરવામાં આવે છે.

૧૦. તિલક ધારણ કરવાનું વૈજ્ઞાનિક કારણ સ્પષ્ટ કરો.

- જયારે આપણે મસ્તિષ્ક પાસેથી જરૂર કરતા વધારે કામ લઈએ છીએ ત્યારે જ્ઞાનતંતુઓના વિચારક કેન્દ્ર ભ્રૂકુટિ અને લલાટની વચ્ચે પીડા ઉત્પન્ન થાય છે. બરાબર તે જ જગ્યા પર કે જ્યાં તિલક, ત્રિપુંડ લગાવીએ છીએ. ચંદનનું તિલક જ્ઞાનતંતુઓને શીતળતા પ્રદાન કરે છે. જે વ્યક્તિ પ્રતિદિન પ્રાતઃકાળે સ્નાન કર્યા પછી ચંદનનું તિલક લગાવે છે, તેને માથાના દુઃખાવાની ફરિયાદ રહેતી નથી. આ તથ્યનો સ્વીકાર ડોક્ટર અને વૈદ્ય પણ કરે છે.

૧૧. કુમકુમ શું છે? એનું તિલક કેમ લગાવવાંમાં આવે છે?

- કુમકુમ (કંકુ) એ હળદરનું ચૂરણ હોય છે, જેમાં લીંબુનો રસ ભેળવવાથી તે લાલ રંગનું થઈ જાય છે. આયુર્વેદ અનુસાર, કંકુ ત્વચાની શુદ્ધિ માટે સર્વોત્તમ ઔષધિ છે. તેનું તિલક લગાવવાથી મસ્તિષ્કના તંતુઓમાં ક્ષીણતા નથી આવતી.

૧૨. ભસ્મનું તિલક કેમ લગાવીએ છીએ?

- ભસ્મને એક પ્રકારે દેવતાઓનો પ્રસાદ માનવામાં આવે છે. ભોગ માટે દેવતાઓને ચઢાવવામાં આવેલ મિષ્ટાન્ન વગેરેનો પ્રસાદ તો હોય જ છે પરંતુ યજ્ઞની ભસ્મ એવો પ્રસાદ છે જે ખાઈ શકાતો નથી, પણ આ ભસ્મરૂપી પ્રસાદને માથા પર તથા શરીરમાં પૂરી શ્રદ્ધાથી લગાવવામાં આવે છે.

પ્રશ્નોત્તરી

૧) આધુનિક સોમનાથ મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા કોના હસ્તે કરવામાં આવેલ?
☐ સરદાર વલ્લભભાઈ પટેલ ☐ જામસાહેબ શ્રી દિગ્વિજયજી ☐ કનૈયાલાલ મુનશી ☐ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ

૨) ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલા તાલુકાનો સમાવેશ થાય છે?
☐ સાત ☐ છ ☐ પાંચ ☐ આઠ

૩) ભારત દેશનું પ્રથમ જ્યોતિર્લિંગ કયું?
☐ સોમનાથ ☐ મહાકાલેશ્વર ☐ નાગેશ્વર ☐ રામેશ્વર

૪) જૈન તીર્થ પાલીતાણામાં કુલ કેટલી ટૂંકો આવેલી છે?
☐ સાત ☐ અગિયાર ☐ નવ ☐ ત્રણ

૫) નવા પ્રસ્થાપિત થયેલા છોટાઉદેપુર જિલ્લામાં આવેલા સંખેડા કયા કારણે પ્રખ્યાત છે?
☐ વિશિષ્ટ આદિવાસી સંસ્કૃતિ માટે ☐ કાષ્ઠ કલા માટે ☐ માર્બલ ઉદ્યોગ માટે ☐ કલાત્મક મંદિર માટે

૬) અમદાવાદમાં કયા સ્થાને સૌથી વધુ પ્રાચીન હસ્તપ્રતો સચવાયેલી હાલતમાં આજે પણ જોઇ શકાય છે?
☐ ભો.જે. વિદ્યાભવન ☐ એલ.ડી .ઈન્ડોલોજી ☐ ગુજરાત વિદ્યાપીઠ ☐ સીટી મ્યુઝિયમ

૭) લીલી પરિક્રમા ગિરનાર ખાતે કયા માસમાં યોજાય છે?
☐ કારતક ☐ વૈશાખ ☐ અષાઢ ☐ ચૈત્ર

૮) જૈનોની નગરી તરીકે ઓળખાતું પાલીતાણા શહેર કયા પ્રખ્યાત ડુંગરની તળેટીએ આવેલું છે?
☐ અરવલ્લી ☐ ગિરનાર ☐ શેત્રુંજય ☐ બરડો ડુંગર

૯) ગુજરાતમાં સૌથી મોટા પ્રમાણમાં મુદ્રાઓ અને મુદ્રાકંનો કઇ સાઈટ માંથી મળી આવી છે?
☐ લોથલ ☐ કાનમેર ☐ ધોળાવીરા ☐ રંગપુર

૧૦) ગત ૨૦૧૦માં ગીર માં થયેલ ગણતરી પ્રમાણે ગીર જંગલમાં કુલ સિંહોની સંખ્યા કેટલી છે?
☐ ૪૦૫ ☐ ૫૨૦ ☐ ૧૭૭ ☐ ૪૧૧

૧૧) સાબરકાંઠા જિલ્લામાં આવેલ પોળોના જંગલ સાથે કઈ નદી જોડાયેલ છે?
☐ હીરણ ☐ હરણાવ ☐ બનાસ ☐ સાબરમતી

૧૨) રાણકીવાવ ગુજરાતની બીજી વર્લ્ડ હેરિટેજ સાઇટ બની તો પ્રથમ કઈ?
☐ ચાંપાનેર ☐ જુનાગઢ ☐ ધોળાવીરા ☐ રૈયોલી, બાલાસીનોર





PHOTO OF THE ISSUE
ફોટોગ્રાફ - બ્રેનલ ખત્રી



PHOTO OF THE ISSUE
ફોટોગ્રાફ - લિયાકતઅલી નોતિયાર



કંથારપુર વડની પૂજા સાથે અતુલ્ય વારસો ટી પાર્ટીનો પુનઃ આરંભ

કોરોના મહામારી વચ્ચે ઘણાં સમયથી અતુલ્ય વારસો દ્વારા સમયાંતરે થતી વિવિધ પ્રવૃતિઓ બંધ હતી અને થોડા સમય અગાઉથી પ્રકાશન કાર્યનો પુનઃ શુભારંભ કરવામાં આવ્યો અને આખજ ખાતે એક નાનકડી પ્રવૃતિ પણ કરવામાં આવી પણ અમારો લોકસંપર્કનો સૌથી મોટો આધાર એવી અતુલ્ય વારસો ટી પાર્ટીનો વિધિવત્ત પુનઃશુભારંભ કંથારપુર વડથી પુનઃ કરવામાં આવ્યો. જે પાછળ અમારા બે મુખ્ય હેતું હતા કે માત્ર ને માત્ર શિલ્પ સ્થાપત્યોને જ અનુલક્ષીને કરવામાં આવતી બેઠકોને આવી નેચરલ સાઈટ પર પણ આયોજીત કરવી અને બીજો કે આ વડની વિશાળતામાં અને શહેરથી દુર શાંત જગ્યાએ હોવાથી સોશિયલ ડીસ્ટન્સીંગ પણ જળવાય.

ટી પાર્ટીનાં પ્રારંભમાં વડ વિશે સૌના પ્રાથમિક જ્ઞાનની ચકાસણી કરવામાં આવી અને આ વડને સૌપ્રથમ વાર જોતા જ કેવી લાગણી મનમાં જન્મે છે તે વિચારોની આપ-લે કરવામાં આવી. ત્યારબાદ ગુજરાતમાં વર્ષ ૨૦૨૦ થી ૨૦૨૫ દરમ્યાનની નવી જાહેર થયેલી હેરીટેજ ટુરીઝમ પોલીસી વિશે ચર્ચા કરવામાં આવી અને આશા વ્યક્ત કરવામાં આવી કે સરકારનાં આ પગલાથી હેરીટેજની જાળવણી અને તેના વિકાસમાં વેગ મળશે. ત્યારબાદ ગુજરાતમાં આવેલા અન્ય વૃક્ષ હેરીટેજ, જળ સ્થાપત્યો વિશે મનોમંથન કરવામાં આવ્યું અને આવા નૈસર્ગિક સ્થળોની પણ જાળવણી થાય તે માટે કેવા પગલાઓ ભરવા તેને અનુલક્ષીને સૌ તરફથી પોતાના વિચારો રજુ કરી જન સામાન્યમાં ધ્યાનમાં રાખવા જેવી બાબતોની જાહેર અપિલ કરવામાં આવી. અંતે મહાકાળી માતાજીનાં મંદિરનાં પુજારીની મદદથી વડની પૂજા અને આરતી કરવામાં આવ્યું. કંથારપુર મહાકાળી મંદિરનાં પૂજારીના કહેવા પ્રમાણે અત્યાર સુધીમાં વડની આરતી કરવામાં આવી હોય તો તેમાં ટીમ અતુલ્ય વારસો પ્રથમ છે જે અમારા સૌના માટે ગૌરવપુર્ણ વાત બની રહી. આગામી સમયમાં અહીં સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનો અમારો પ્રયાસ છે જેને ટૂંક સમયમાં અમલમાં મુકીશું. એ દરમ્યાન અન્ય સ્થળોએ ટી પાર્ટી સતત ચાલતી રહેશે અને રાજ્યનાં તમામ નાના/મોટા શહેરનાં હેરીટેજ પ્રેમીઓને સાંકળતા રહીશું તેવી આશા સહ...

આશરે પાંચસો વર્ષ જૂના વડ અને તેની આસપાસનાં વિસ્તારમાં હાથ ધરાયું સફાઈ અભિયાન...

તારીખ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૦નાં રોજ અમારી અતુલ્ય વારસોની ટીમ દ્વારા કંથારપુર ખાતે આવેલ મહાકાળી મંદિરનાં ૫૦૦ વર્ષ જુના હેરિટેજ વૃક્ષની માન. વડાપ્રધાનશ્રીના જન્મદિન નિમિત્તે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર અને કાઈટ ઈવેન્ટ એન્ડ ટુર, અમદાવાદ દ્વારા સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. ગ્રામજનો અને નજીકનાં ચંદ્રાલા ગામના યુવાનોની ટીમ પણ ખુબ ઉત્સાહભેર અમારા આ પ્રયાસમાં જોડાઈ હતી અને આ સ્થળ પર કાયમી સ્વચ્છતા જળવાય તેમજ અહી કચરાપેટી મુકવાનું આગામી આયોજન કરવામાં આવ્યું છે.





















ગાંધી જયંતિની વિશેષ ઉજવણી



ટીમ અતુલ્ય વારસો દ્વારા ગત્ત બીજી ઓક્ટોબર, પૂજ્ય મહાત્મા ગાંધીજીનો જન્મદિવસની વિશેષ ઉજવણી કરવામાં આવી. વર્તમાન સમયમાં ચાલી રહેલ કોરોના મહામારી વચ્ચે રૂબરૂ મુલાકાત શક્ય ન બનતી હોવાથી સામાજિક અંતર જળવાય અને સૌ મિત્રોને સાથે જોડી શકાય તેવા હેતુસર અમે સુંદર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. જે અંતર્ગત "વૈષ્ણવ જન" ભજનની ધૂન ગુજરાતનાં અલગ અલગ શહેર/ગામમાં બેઠેલા મિત્રો પોતાની રીતે રજૂ કરે તેવો પ્રયોગ કરવામાં આવ્યો હતો. જો કે અમે સૌ સારા ગાયક ન હોઈ દરેક સુરનું એકસુત્ર રહેવું અઘરું છે પણ છતાં જ્યાં જરૂર પડે ત્યાં ટેકનોલોજીનો સહારો લઈ સુર-લય સાચવવાનો અનેરો પ્રયાસ લોકો સમક્ષ રજુ કર્યો હતો. જેમાં ગાંધીનગરથી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડનાં સચિવશ્રી નિખિલ બર્વે સહિત અધિકારીગણ, શ્રી સોમનાથ મંદિરથી જનરલ મેનેજરશ્રી વિજયસિંહ ચાવડા અને તેમની ટીમ, સુરતથી પોર્ટ ઓફિસર કેપ્ટન બંસિવા લાડવા, હેરિટેજ હોમ અમદાવાદથી જગદીપ મહેતા અને તેમની સુપુત્રીઓ, જામનગરથી નીલેશ દવે, અમદાવાદથી જાણીતા વાંસળી વાદક કૌશલ યાજ્ઞિક, રોનક રાણા અને તેમની ટીમ, મનીષ વૈધ અને તેમના ધર્મપત્ની કિશોરીબેન, રાજકોટથી હર્ષ પટેલ અને ટીમ, ઉપલેટાથી જાણીતા ગાયક માલદે આહીર, બરોડાથી હર્ષદ કડિયા તેમના ધર્મ પત્ની તેમજ સામાજિક કામગીરીમાં સક્રિય વિશાલ ઠાકુર, કચ્છથી કનૈયાલાલ સીજ્જુ, સિધ્ધપુરથી ડો. શિવશંકર જોશી તેમજ તેમની સુપુત્રી ખુશી જોશી, પાલનપુરથી બેટી બચાવો અભિયાનનાં પ્રણેતા રશ્મિબેન હાડા અને તેમના પિતાશ્રી અહમદ હાડા, ગાંધીનગરથી અતુલ્ય વારસોનાં તંત્રી શ્રી કપિલ ઠાકર, તેમના ધર્મપત્ની કિન્નરી અને સુપુત્રી કાનન વગેરે જોડાયા હતા.



શ્રધ્ધાંજલી

અતુલ્ય વારસો ટીમના સલાહકાર શ્રી કીર્તિ ઠાકરના ધર્મપત્ની શ્રીમતી રાજલક્ષ્મી ઠાકરનું દુ:ખદ અવસાન થયું છે. ટીમ અતુલ્ય વારસો તરફથી અમે તેઓશ્રીને અંત:પૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ.

!! તમે આમંત્રિત કરાયા છો અમારી સાથે જોડાઈ વિશ્વકક્ષાએ પહોચવા માટે !!

Gujju Hands

" WANTS YOU "

Vocal for Local

શું આપ હસ્તકલા વ્યવસાય સાથે સંકળાયેલા છો ?

શું આપ કોઈ વિશેષ પ્રોડક્ટ ઉત્પાદન કાર્ય સાથે જોડાયેલ છો ?

આપ અથવા આપની આસપાસ કોઈ મહિલાઓનાં સંગઠન દ્વારા અથવા સ્વતંત્રપણે કોઈ હસ્તઉધોગ કાર્યરત હોય તો તેને અમારી સાથે સંકલન કરાવી આપશો જેથી અમો અમારી કક્ષાએ યોગ્ય માર્કેટ પુરુ પાડીશું. વર્તમાન અને આવનાર સમય એવો છે કે એકબીજાનાં સહકારથી આગળ વધીએ અને અમે પણ એ જ પ્રયાસમાં આગળ વધી રહ્યા છીએ જેમાં આપનો સાથ પણ આવશ્યક છે.

gujjuhands@gmail.com | +91 98251 29721